₹ ૧૫/-

# પ્રભુ અર્પણ

**એપ્રિલ - ૨૦૧૮**

**(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)**



## કેળવણી

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

હિંદ પાસે આત્માનું જ્ઞાન છે, અથવા કહો કે હતું; પરંતુ તેણે જડતત્ત્વ પ્રતિ ઉપેક્ષા કરેલી હતી અને તેને કારણે તેણે સહન કર્યું છે.

પશ્ચિમ પાસે જડતત્ત્વનું જ્ઞાન છે, પરંતુ તેણે આત્માનો ઈનકાર કર્યો છે અને તેને કારણે તે સહન કરી રહ્યું છે.

પૂર્ણ કેળવણી એવી હોવી જોઈએ કે તેને થોડાએક ફેરફારો સાથે જગતના બધા દેશોને લાગુ પાડી શકાય. એ કેળવણીએ એક પૂર્ણ રીતે વિકસી ચૂકેલા અને ઉપયોગમાં લેવાઈ રહેલા જડતત્ત્વ ઉપર આત્માની સાચી સત્તા સ્થાપી આપવી જોઈએ.

શ્રી માતાજી

(કેળવણી પુસ્તિકા : ૧ : ૮-૯)

વિદ્યાર્થીને ધર્મના કોઈપણ રૂપનું શિક્ષણ આપણે સ્પષ્ટ રૂપે આપીએ કે ન આપીએ તો પણ, જે કોઈ શાળા પોતાને રાષ્ટ્રીય કહેવડાવતી હોય તેણે ધર્મનું જે મૂળ તત્ત્વ છે — પ્રભુ અર્થે, માનવતા અર્થે, દેશને અર્થે, અન્યને અર્થે તેમ જ આ બધામાં આવી રહેલા પોતાના આત્માને અર્થે જીવન ગાળવું એ વસ્તુને તો પોતાના આદર્શ તરીકે સ્વીકારવી જ જોઈએ. શાળાઓમાં આપણે હિંદને લગતા વિષયો શીખવીએ, હિંદની પદ્ધતિઓ અખત્યાર કરીએ અથવા તો હિંદુ ધર્મની માન્યતાઓ તથા હિંદુ શાસ્ત્રોનું શિક્ષણ આપીએ એ વસ્તુ નહિ પણ હિંદુત્વની પ્રભુ અર્થે, માનવતા અર્થે, દેશ અર્થે જીવન ગાળવાની જે ભાવના છે તે આપણી શાળાઓમાં વ્યાપક બની રહે એને જ રાષ્ટ્રીયતાનું મૂળ તત્ત્વ ગણાવવું જોઈએ.

**શ્રી અરવિન્દ**

(કેળવણી - ૧ : ૧૨)

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

એપ્રિલ - ૨૦૧૮ વર્ષ : ૦૪ અંક : ૪

# અનુક્રમ

## કેળવણી

નૂતન શિક્ષણનાં બીજ ૦૬
નૂતન કેળવણી ૧૪
નૂતન પદ્ધતિ ૨૧
આત્મા-આધારિત કેળવણી ૩૫

*

ઉપસંહાર
પરીક્ષાઓ ૪૪
વૃત્ત વિશેષ ૪૬

**તંત્રી નોંધ :** વર્ષ ૨૦૧૮; શ્રી અરવિન્દ આંતરરાષ્ટ્રિય શિક્ષણ કેન્દ્રની ૭૫મી સંવત્સરીનું વર્ષ છે. આ અંકમાં શિક્ષણ વિષય પરત્વે પ્રકાશ પાથરતાં શ્રી માતાજીનાં લખાણો અમે રજૂ કરીએ છીએ, જે આજની માનવજાતિને આવતીકાલની અતિમાનવજાતિમાં ફેરવી શકે એમ છે. શ્રી અરવિન્દ આંતરરાષ્ટ્રીય શિક્ષણ કેન્દ્રની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ આ મુજબ છે :

**શ્રી અરવિન્દ આંતરરાષ્ટ્રીય શિક્ષણ કેન્દ્ર :** તા. ૨ ડિસેમ્બર ૧૯૪૩ના રોજ, શ્રી માતાજીએ આશરે વીસેક જેટલાં બાળકો માટે એક શાળાનું વિધિસરનું ઉદ્ઘાટન કર્યું. તેઓ પોતે પણ એક શિક્ષક તરીકે કામ કરતાં. ત્યાર પછીનાં સાત વર્ષોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ધીરે ધીરે વધતી ગઈ.

તા. ૨૪ એપ્રિલ ૧૯૫૧ના રોજ શ્રી માતાજીએ એક સમારંભનું પ્રમુખસ્થાન સંભાળ્યું. ત્યાં એવો નિર્ણય લેવામાં આવ્યો કે ''એક આંતરરાષ્ટ્રિય વિદ્યાપીઠનું કેન્દ્ર'' સ્થાપવું. તા. ૬ જાન્યુઆરી ૧૯૫૨ના રોજ, તેઓએ 'શ્રી અરવિન્દ આંતરરાષ્ટ્રિય વિદ્યાપીઠ કેન્દ્ર'નું ઉદ્ઘાટન કર્યું. ૧૯૫૯માં તેનું નામ બદલીને 'શ્રી અરવિન્દ આંતરરાષ્ટ્રિય શિક્ષણ કેન્દ્ર' રાખવામાં આવ્યું.

આ શિક્ષણ કેન્દ્ર કોઈ ડિગ્રીઓ કે ડિપ્લોમાઓ આપતું નથી. આમ કરવાનું કારણ, વિદ્યાર્થીમાં જ્ઞાનપ્રાપ્તિના આનંદ પ્રત્યેની જાગૃતિ અને પ્રગતિ કરવાની અભીપ્સા પેદા થાય એવો જે હેતુ છે તે સિદ્ધ કરવાનો છે. એમાં અન્ય કોઈ પણ હેતુઓને ગૌણ ગણવામાં આવે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૨ પૃ. ૧૩૫-૩૬)



હું બાળપણમાં જ્યારે મારી મા પાસે ખોરાક કે એવી કોઈ નાની બાબતની ફરિયાદ કરતી ત્યારે તે હંમેશાં કહેતી : ''જા, તારું કાર્ય કર; નાની નાની વાતોમાં પડ્યા વગર તારો અભ્યાસ કર. અને નકામી બાબતોનો વિચાર કરીશ નહિ.' તે મને પૂછતી કે : તને શું એમ લાગે છે કે તું સુખસગવડો ભોગવવા માટે જન્મી છું. અને જણાવતીઃ ' તારો જન્મ ઊંચામાં ઊંચો આદર્શ સિદ્ધ કરવા માટે થયો છે.' આમ કહી તે મને વિદાય કરી દેતી. જો કે મારી મા જે ઊંચામાં ઊંચા આદર્શની વાત કરતી હતી તે હાલના આપણા આદર્શની સરખામણીમાં ઘણો નાનો છે. આપણે બધાં ઊચ્ચોચ્ચ આદર્શ સિદ્ધ કરવા માટે જન્મ્યાં છીએ....

(CWM 3 : 131)

# નૂતન શિક્ષણનાં બીજ

બુદ્ધિમાન, શ્રેષ્ઠ માળખું તૈયાર કરવા માટે પ્રથમ જરૂરિયાત રહે છે કે એ માળખાને આધાર આપી શકે એવો એક મજબૂત આધાર તૈયાર કરવો. શિક્ષણની એ પ્રણાલીઓ જેનો આરંભ માનવ વિશેના અપૂરતા જ્ઞાન વડે થયો છે તે એમ વિચારે છે કે તેમણે વિદ્યાર્થીને સંતોષકારક પાયો પૂરો પાડ્યો છે. ખરેખર તો એ પ્રણાલીઓએ વિદ્યાર્થીને વિવિધ વિષયો પર વિશાળ કે સારી રીતે પસંદ કરાયેલી માહિતીઓનો જથ્થો પૂરો પાડ્યો છે, જે માહિતી એ સમયની માનવ સંસ્કૃતિના શ્રેષ્ઠ અંગરૂપ હતી.

બુદ્ધિનો આધાર માહિતી બની શકે નહિ, માહિતી માત્ર એવું દ્રવ્ય બની રહે જેથી અંદરથી જ્ઞાતા જ્ઞાનને ઘડી શકે. એ હોઈ શકે આરંભબિંદુ, નવી શોધખોળ અને વિસ્તીર્ણ સર્જનનું બીજ બની શકે. જે શિક્ષણ પોતાને જ્ઞાન આપવા પૂરતું સીમિત રાખે છે તે શિક્ષણ નથી. સ્મૃતિ, નિર્ણય, કલ્પના, સમજ, તર્ક એવી વિધવિધ આવડત જે વિચારો તથા જ્ઞાન રૂપી ઇમારતનું જ્ઞાતા માટે ઘડતર કરે છે તે એને માટેના યોગ્ય અને પૂરતાં ઓજારો અને પદાર્થો વડે સજ્જ થયેલી હોવી જોઈએ એટલું જ નહિ; પરંતુ એમાં નવું દ્રવ્ય લઈ આવવા માટેની તાલીમ એને મળવી જોઈએ અને એની પાસે જે ઓજારો હાજર છે તેનો ઉપયોગ વધુ નિપુણતાપૂર્વક એ આવડતે કરવો જોઈએ. (CWSA 1 : 368-370)

*

**સાચી કેળવણીના ત્રણ સિદ્ધાંતો :**

સાચી કેળવણીનો પ્રથમ સિદ્ધાંત એ છે કે માણસને કોઈ પણ વસ્તુ શીખવી શકાતી નથી. શિક્ષક એક માહિતી આપનારું યંત્ર નથી કે પછી વિદ્યાર્થી પાસેથી કામ લેનાર મુકાદમ નથી. શિક્ષક તો વિદ્યાર્થીનો સહાયક અને માર્ગદર્શક છે. શિક્ષકે વિદ્યાર્થી ઉપર વસ્તુઓ લાદવાની નથી પણ તેની આગળ તે સૂચિત કરવાની છે. ખરી રીતે તો શિક્ષક શિષ્યના મનને તૈયાર કરવાનું કામ કરતો જ નથી. એ તો વિદ્યાર્થીને જ્ઞાનનાં જે કરણો મળેલાં છે તેને કેવી રીતે પૂર્ણ કરી શકાય તે વિદ્યાર્થીને બતાવી આપે છે અને એ પૂર્ણ બનવાની ક્રિયામાં તે વિદ્યાર્થીને સહાય અને પ્રોત્સાહન આપતો રહે છે. શિક્ષક વિદ્યાર્થીને જ્ઞાન આપતો નથી પણ વિદ્યાર્થીએ પોતે જ્ઞાન કેવી રીતે મેળવવું એ તેને બતાવે છે. શિક્ષક વિદ્યાર્થીની અંદર પડેલા જ્ઞાનને બહાર કાઢી આપવાનું કામ કરતો નથી, પણ એ જ્ઞાન વિદ્યાર્થીમાં કયાં આગળ પડેલું છે અને એ જ્ઞાનને ઉપર લાવવાનો અભ્યાસ કેવી રીતે પાડી શકાય એટલું જ તે વિદ્યાર્થીને બતાવી આપે છે. કેટલાક એમ કહે છે કે આ સિદ્ધાંત માત્ર કિશોર વયનાં બાળકો અને મોટી ઉંમરના માણસોને જ લાગુ પાડવો જોઈએ, નાની વયનાં બાળકોને નહિ, પણ આવો ભેદ કરવો એ તો એક સંકુચિત અને બેસમજ વસ્તુ

છે. બાળક હો કે પ્રૌઢ, છોકરો હો કે છોકરી, સૌને માટેનું સાચું શિક્ષણ તો એક જ નક્કર પાયા ઉપર મંડાયેલું હોય છે. શિક્ષકે પોતાના તરફથી જે મદદ અને માર્ગદર્શન આપવાનાં હોય છે તેના પ્રમાણમાં વિદ્યાર્થીની વયમાં તફાવત હોય તે પ્રમાણે વધઘટ કરી શકાય છે, પણ એને લીધે એ મદદ કે માર્ગદર્શકનું સ્વરૂપ કાંઈ બદલાઈ જતું નથી.

કેળવણીનો બીજો સિદ્ધાંત એ છે કે આપણે મનનો જે વિકાસ સાધવા માગીએ છીએ તેમાં આપણે મનની પોતાની સલાહ લેવાની રહે છે. માબાપ કે શિક્ષકના મનમાં વિકાસની જે કોઈ કલ્પના હોય તે મુજબ જ બાળકને બળાત્કારે તૈયાર કરી દેવું જોઈએ એ તો એક જંગલી અને અજ્ઞાનમય વહેમ જ છે. બાળકને પોતાને જ આપણે એમ સમજાવવાનું છે કે તારે તારી પોતાની પ્રકૃતિ પ્રમાણે જ વિકાસ સાધવો જોઈએ. માબાપો પહેલેથી જ એમ નક્કી કરી લે છે કે મારા પુત્રમાં તો અમુક અમુક ગુણો, શક્તિઓ, વિચારો, સદ્‌ગુણોનો વિકાસ થવો જોઈએ અથવા તો તેને માટે અમે જે કારકિર્દી ગોઠવી રાખી હોય તે માટે જ તેણે તૈયાર થવું જોઈએ. પણ આના કરતાં વધુ મોટી ભૂલ કોઈ નથી. બાળકની પ્રકૃતિનો પોતાનો જે સ્વધર્મ છે તે તેની પાસેથી આપણે બળાત્કારે મુકાવી દઈશું તો તેથી બાળકની એ પ્રકૃતિને કાયમની હાનિ થઈ બેસશે, એનો વિકાસ પાંગળો બની જશે, એની પૂર્ણતાનું ચિત્ર વણસી જશે. આ રીતે આપણે તો આપણા સ્વાર્થને ખાતર એક માનવ આત્મા ઉપર અત્યાચાર ગુજારીએ છીએ, રાષ્ટ્રના ઉપર એક ઘા કરીએ છીએ. મનુષ્યને આપણે આ રીતે તૈયાર કરીએ તો પછી તે રાષ્ટ્રને પોતાના તરફથી જે ઉત્તમોત્તમ વસ્તુઓ આપી શકે તેમ હોય છે તે રાષ્ટ્રને મળતી બંધ થઈ જાય છે અને તેને બદલે રાષ્ટ્રે ફરિજયાત રીતે કાંઈક અપૂર્ણ અને કૃત્રિમ, વાસી અને વેઠ તરીકે કરાયેલી એવી ઘણી સામાન્ય વસ્તુ સ્વીકારી લેવાની રહે છે. વ્યક્તિ માત્રમાં કંઈક દિવ્ય વસ્તુ તો રહેલી જ હોય છે, એનું પોતાનું જ કહેવાય એવું કાંઈક તત્ત્વ હોય છે. માણસને તેના જીવનનું ભલે ગમે તેટલું નાનકડું ક્ષેત્ર મળ્યું હોય પણ તેમાં પૂર્ણતા અને સામર્થ્ય સિદ્ધ કરવાની તક પ્રભુ તેને આપે છે અને તે લેવી કે નહિ તે તેની પસંદગી ઉપર છોડવામાં આવે છે. એટલે વ્યક્તિએ પોતે કઈ પૂર્ણતા અને સામર્થ્ય મેળવવાં છે તે તેણે પોતે શોધી લેવાનું છે, વિકસાવવાનું છે અને તેનો ઉપયોગ કરવાનો છે. માણસને મળેલું કામ તે આ છે. એટલે માણસનો વિકાસ પામતો આત્મા પોતાની અંદર જે કાંઈ ઉત્તમોત્તમ વસ્તુ હોય તેને બહાર લઈ આવે અને કોઈ ઊર્ધ્વ ધ્યેયને ખાતર તેને સંપૂર્ણ બનાવે એ ક્રિયામાં મદદ રૂપ થવાય એ જ લક્ષ્ય કેળવણીનું મુખ્યપણે રહેવું જોઈએ.

કેળવણીનો ત્રીજો સિદ્ધાંત એ છે કે એમાં નજીકની વસ્તુને આધારે દૂરમાં પહોંચવાનું છે, જે વર્તમાનમાં છે તેમાંથી ભાવિમાં જવાનું છે. માણસની પ્રકૃતિનું મંડાણ લગભગ હંમેશાં તેના આત્માના ભૂતકાળ ઉપર થયેલું હોય છે. આ ઉપરાંત માણસને જે વસ્તુઓ વારસાગત રીતે મળે છે, એની જે પરિસ્થિતિ હોય છે, એની રાષ્ટ્રીયતા, એનો દેશ જે હોય છે, જે ધરતીમાંથી એ પોતાનું પોષણ મેળવતો હોય છે, જે હવાનો તે શ્વાસોચ્છ્‌વાસ લેતો હોય છે, જે દશ્યો અને ધ્વનિઓ તે હંમેશાં જોતો અને સાંભળતો હોય છે, અને તેને જે જે વસ્તુઓનો અભ્યાસ પડી

ગયો હોય છે, એ બધામાંથી તેની પ્રકૃતિ બંધાતી હોય છે. આ બધી વસ્તુઓ માણસને ખબર ન પડે તે રીતે તેને ઘડતી રહેતી હોય છે, પણ તેથી તેમની અસરકારકતા ઓછી હોય છે એમ નથી. એટલે આપણે આ બધી વસ્તુઓથી કેળવણીનો આરંભ કરવાનો છે. જે જમીનમાં રહીને માણસની પ્રકૃતિએ વિકાસ સાધવાનો છે તેમાંથી તેનાં મૂળિયાં આપણે ઉખેડી નાખવાનાં નથી અથવા તો માણસે સ્થૂળ રીતે જે જીવનની અંદર હરવા ફરવાનું છે તેનાથી તદ્દન ભિન્ન પ્રકારની વસ્તુઓ અને વિચારોને એના મનની આસપાસ ગોઠવી દેવાનાં નથી. માણસના મનને આપણે કોઈ બહારની વસ્તુ આપવાની જરૂર પડે તો તે તેની આગળ આપણે રજૂ કરવાની છે, તેના ઉપર બળાત્કારે લાદવાની નથી. અર્થાત્, માનવને એક મુક્ત અને સ્વાભાવિક રીતે વિકાસ પામવા દેવામાં આવે એમાં જ એનો સાચો વિકાસ સધાય છે. હા, કેટલાક આત્માઓ એવા હોય છે ખરા કે તેમને પોતાની પરિસ્થિતિ સાથે મેળ જણાતો નથી અને કુદરતી રીતે જ તેની સામે તેઓ બંડ કરી ઊઠતા હોય છે, પોતે જાણે કે કોઈ બીજા યુગના અને બીજા દેશના વતની હોય એમ તેમને લાગે છે. આવા આત્માઓને તેમના વલણ પ્રમાણે વિકાસ સાધવાની સ્વતંત્રતા આપણે આપી શકીએ છીએ. પણ મોટા ભાગના માણસોની બાબતમાં તો એમ જ બનતું હોય છે કે એમને તમે એક વિજાતીય ઘાટની અંદર કૃત્રિમ રીતે ઢાળવા જાઓ તો તેમનું જીવન ક્ષીણ બની જાય છે, રિક્ત બની જાય છે, કૃત્રિમ બની જાય છે. માણસો અમુક એક રાષ્ટ્રમાં, અમુક યુગમાં અને અમુક સમાજમાં જ જન્મતા હોય છે અને રહેતા હોય છે એ વ્યવસ્થા પ્રભુએ પોતે જ કરી આપેલી છે. એટલે માણસે પોતાના ભૂતકાળના સંતાન રહેવાનું છે, વર્તમાનના સ્વામી રહેવાનું છે અને ભાવિના સ્રષ્ટા બનવાનું છે. ભૂતકાળ એ આપણો પાયો છે, વર્તમાન એ આપણી સામગ્રી છે, ભવિષ્ય એ આપણું લક્ષ્ય અને શિખર છે. આપણે કેળવણીની જે રાષ્ટ્રીય પદ્ધતિ ઊભી કરવા માગીએ તેમાં આ દરેકને તેનું યોગ્ય અને સ્વાભાવિક સ્થાન મળવું જોઈએ.

(કેળવણી ભાગ - ૧ પૃ. ૨૦થી ૨૩)

*

મનુષ્યની પ્રવૃત્તિઓ મુખ્યત્વે પાંચ પ્રકારની રહેલી છે અને એ હરેક પ્રવૃત્તિ અંગેની કેળવણી જ્યારે માણસને અપાશે ત્યારે તે એક સંપૂર્ણ કેળવણી બની શકશે. આ પાંચ પ્રવૃત્તિઓ તે શરીરની, પ્રાણની, મનની, ચિત્ત-તત્ત્વની અને આત્માની છે. કેળવણી પણ આ પાંચ પ્રકારની હોવી જોઈએ. સામાન્ય રીતે એમ બને છે કે વ્યક્તિ જેમ જેમ મોટી થતી જાય છે તેમ તેમ આ કેળવણીનાં સ્વરૂપો એક પછી એક વ્યક્તિના જીવનમાં દાખલ થતાં જાય છે. પરંતુ એનો અર્થ એ નથી કે માણસની એક પ્રકારની કેળવણી અટકી જાય અને બીજા પ્રકારની શરૂ થાય. પણ એ પાંચે પ્રકારની કેળવણી એકબીજાની પૂરક બનીને માણસનું જીવન પૂરું થાય ત્યાં સુધી ચાલુ રહેવી જોઈએ.

*

માણસના ખીલ્યે જતા આત્મામાં જે વસ્તુ છૂપા જ્ઞાનરૂપે પડેલી ના હોય તે તેના મનને

કદી પણ શીખવી શકાતી નથી. એ જ પ્રમાણે સર્વે બાહ્ય પૂર્ણતા (કે જે આપણે માટે શક્ય છે) તે બીજું કાંઈ નહિ પણ આપણી અંદર વસતા પરમ–આત્માનો સાક્ષાત્કાર જ છે. આપણે ભગવાનને જાણી શકીએ છીએ તેનું કારણ એ જ છે કે આપણે આપણા છૂપા સ્વરૂપે ભગવાન જ છીએ. છૂપામાંથી છતું થાય તેનું જ નામ નવનિર્માણ. આત્મપ્રાપ્તિ એ રહસ્ય છે; આત્માજ્ઞાન અને ચેતનાનો વિકાસ એ સાધન અને સાધના છે. (કેળવણી ભાગ - ૧ પૃ. ૧૩થી ૨૦)

*

## બાળકને કેળવવા માટે પોતાની જાતને કેળવો

પણ એવાં પણ માબાપો છે કે જેઓ પોતાનાં બાળકોને કેળવણી આપવાની જરૂર છે એમ સમજતાં હોય છે અને તે આપવાનો પ્રયત્ન પણ કરતાં હોય છે. પરંતુ એ માબાપોને એ વાતની ખબર નથી હોતી કે પોતે પોતાના બાળકને કેળવણી આપી શકે તે માટે પ્રથમ તો તેમણે પોતાની જાતને જ કેળવવાની રહે છે, પોતાને વિશે સભાન બનવાનું રહે છે, પોતાના ઉપર પ્રભુત્વ મેળવવાનું રહે છે કે જેથી પોતે બાળક આગળ એક ખરાબ દૃષ્ટાંત રૂપ ન બની રહે. જે માબાપો સાચા હૃદયથી અને ખૂબ ગંભીર રીતે પોતાનાં બાળકોને કેળવવા માગતાં હોય છે તેમની પણ આવી જ સ્થિતિ હોય છે. ખરી અસરકારક કેળવણી તો દૃષ્ટાંત મારફતે જ અપાય છે. બાળકને માત્ર સારા સારા શબ્દો કહેવા, ડાહી ડાહી શિખામણ આપવી એનો કશો જ અર્થ નથી. આપણે જે કહેતાં હોઈએ તેમાં રહેલું સત્ય જો આપણા જીવંત દૃષ્ટાંત દ્વારા આપણે બતાવી નહિ શકીએ તો પછી આપણા શબ્દોની કે શિખામણની કશી અસર પડતી નથી. સત્યનિષ્ઠા, પ્રામાણિકતા, નિખાલસતા, હિંમત, અનાસક્તિ, નિઃસ્વાર્થતા, ધીરજ, સહનશક્તિ, ખંત, શાંતિ, સ્વસ્થતા, આત્મ–સંયમ આ બધી વસ્તુઓ એવી છે કે તેમને શીખવવા માટે સુંદર શબ્દો કરતાં આપણું પોતાનું દૃષ્ટાંત જ અનેકગણું સારું કામ આપે છે. માટે હું માબાપોને કહીશ કે તમારા જીવનમાં એક ઉચ્ચ આદર્શ રાખો અને તે આદર્શ અનુસાર જ હમેશાં તમારું વર્તન રાખો. તમે જોશો કે તમારું બાળક આ આદર્શને પોતાની અંદર થોડે થોડે ઝીલવા લાગ્યું છે, અને તેની પ્રકૃતિમાં તમે જે ગુણોનો વિકાસ ઇચ્છો છો તે ગુણો તે પોતાની મેળે આપોઆપ જ પ્રગટ કરવા લાગ્યું છે. દરેક બાળકને સ્વાભાવિક રીતે જ પોતાનાં માબાપ તરફ માન અને અહોભાવ હોય છે. અને માબાપો જો સાવ નાલાયક નથી હોતાં તો તેઓ બાળકોને હમેશાં દેવ જેવાં લાગે છે જ અને તેઓ પોતાથી બને તેટલું તેમનું જ અનુસરણ કરવાનો પ્રયત્ન કરે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૨ પૃ. ૧૧)

*

## ઉદાહરણ શ્રેષ્ઠ શિક્ષક છે

ઉદાહરણ દ્વારા જ કેળવણી અસરકારક બની શકે છે. પોતે જે વસ્તુ શીખવતા હોઈએ તેમાં રહેલા સત્યને પોતાના જીવંત ઉદાહરણથી બતાવી ન શકીએ તો બાળકને સારી ભાષામાં વાત કરવી, ડાહી ડાહી શિખામણ આપવી, એની ઘણી ઓછી અસર થાય છે. સાચદિલી,

પ્રામાણિક્તા, સરળતા, હિંમત, નિઃસ્વાર્થીપણું, અંગત લાભની અપેક્ષાથી પર, ધીરજ, સહનશક્તિ, ખંત, શાંતિ, અક્ષુબ્ધતા, આત્મસંયમ આ સર્વ વસ્તુઓ સુંદર ભાષણો આપીને શીખવી શકાય તેના કરતાં ઉદાહરણથી અનંતગણી સારી રીતે શીખવી શકાય છે.

(કેળવણી ભાગ ૨ : પૃ. ૨૫)

*

### માનવ સત્તા પ્રતીકાત્મક હોય છે

વાત એમ છે કે કુટુંબના પિતાની, શિક્ષકની કે રાજ્યના વડા તરીકે માનવ વ્યક્તિની જે સત્તા હોય છે તે એક પ્રતીકાત્મક વસ્તુ જ છે. વ્યક્તિ તરીકે એમને કોઈ સાચી સત્તા હોતી નથી, પણ સત્તા તેમનામાં સ્થાપિત કરવામાં આવી હોય છે કે જેથી તેઓ અત્યારે જે પ્રકારનું સમાજ જીવન છે તેમાં પોતાનો ભાગ ભજવી શકે. અને આ જે સમાજ જીવન છે તે તો સત્ય ઉપર નહિ પણ અસત્ય ઉપર પ્રતિષ્ઠિત છે, કારણ કે સત્યનો અર્થ છે એકતા અને આ સમાજ જીવન તો ભેદ ઉપર પ્રતિષ્ઠિત છે. કેટલાક લોકો પોતાને હિસ્સે આવેલું કામ, પોતાનું કાર્ય, પોતે જે વસ્તુના પ્રતીક હોય છે તેની ફરજો ઠીક ઠીક સારી રીતે અદા કરે છે - ક્ષતિ વિનાનું કોઈ નથી, આ દુનિયામાં બધું ભેળસેળ થઈ ગયેલું છે. પણ જે વ્યક્તિ, પોતે ભજવવાના ભાગની ગંભીરતા સમજતી હોય છે અને તેને શક્ય તેટલી પ્રમાણિકતાથી અમલમાં મૂકવા પ્રયત્ન કરતી હોય છે તેને એવી પ્રેરણાઓ મળી રહે છે, જેને પરિણામે સામાન્ય માનવી કરતાં તે પોતાનો ભાગ વધુ સારી રીતે ભજવી શકે છે. ગુણ આપનાર શિક્ષક જો એ વસ્તુ ધ્યાનમાં રાખે કે પોતે દિવ્ય સત્યનો પ્રતિનિધિ છે અને સાથે સાથે તે તેનાથી બની શકે તેટલા પ્રમાણમાં ભાગવત સંકલ્પ સાથે સંવાદમાં રહેવા માટે જરૂરી મહેનત લે, તો પછી એ વસ્તુ ફળદાયી નીવડે છે; કારણ કે સામાન્ય શિક્ષક તેની અંગત પસંદગીઓ પ્રમાણે કાર્ય કરતો હોય છે, — પોતાને શું ગમે છે, શું નથી ગમતું વગેરે. અને એ રીતે એ સર્વ-સામાન્ય અસત્યમાં રહેતો હોય છે, પરંતુ જો એ શિક્ષક ગુણ આપતી વખતે પોતાની મર્યાદિત ચેતનાની ભીતરમાં રહેલ કોઈ ગહનતમ સત્ય સાથે પોતાને સંવાદમાં મૂકવાનો પ્રયત્ન કરે તો પછી તે, એ સત્યના વાહક તરીકે કાર્ય કરે એમ બની શકે છે અને એ દ્વારા તેના વિદ્યાર્થીઓને તેમની અંદર આવી રહેલા એ સત્ય વિશે સભાન બનવામાં મદદકર્તા થઈ શકે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૪ પૃ. ૧૦૪)

*

### શિક્ષણ આપવું એ યજ્ઞકાર્ય છે

અને મારે તમને જે અનેક વાતો કહેવાની છે તેમાં આ પણ એક છે કે કેળવણી એક પ્રકારનું યજ્ઞકાર્ય (sacerdocy) છે, શિક્ષણ પણ યજ્ઞકાર્ય છે અને રાષ્ટ્રના વડાસ્થાને હોવામાં પણ એક પ્રકારનું યજ્ઞકાર્ય આવે છે.

એટલે જે વ્યક્તિને આ પ્રકારનો ભાગ ભજવવાનો હોય તેનામાં પોતાનું કાર્ય વધુમાં વધુ ઉત્તમ રીતે અને વધુમાં વધુ સાચી રીતે કરવાની અભીપ્સા હોય તો દુનિયાની સામાન્ય

પરિસ્થિતિ ઘણી સારી બને. કમભાગ્યે, મોટાભાગના લોકો આ બાબતમાં જરા પણ વિચાર કરતા નથી હોતા, એમની ફરજો એ લોકો જેમ તેમ અદા કરે છે — આમાં હું પેલા અસંખ્ય લોકો કે જેઓ કેવળ પૈસા કમાઈ લેવા માટે જ કામ કરે છે તેમની તો વાત જ નથી કરતી, પણ એ રીતની એમની કામગીરી તો તદ્દન કચરા જેવી હોય છે અને એમ કરવું તેમને માટે સ્વાભાવિક પણ હોય છે. આશ્રમની રચના કરવામાં મારો પ્રથમ પાયો એ જ હતો કે જે કોઈ કામ કરવામાં આવે તે ભગવાનને સમર્પણ ભાવે જ કરવામાં આવે.

તમારે તમારી જાતને તમારી પ્રકૃતિના કે તમારા વલણના પ્રવાહોમાં ઘસડાઈ જવા દેવી ન જોઈએ. એને બદલે તમારે તમારા મનમાં સતત એ પ્રકારની લાગણી બનાવી રાખવી જોઈએ કે તમે સર્વોત્તમ જ્ઞાનસ્વરૂપના, સર્વોત્તમ સત્ય સ્વરૂપના, સર્વોત્તમ ન્યાય સ્વરૂપના પ્રતિનિધિ છો અને એ ભાવનાને તમારે ખૂબ પ્રમાણિકપણે, તમારા માટે શક્ય હોય તેટલી અંતરની સચ્ચાઈપૂર્વક અમલમાં મૂકવી જોઈએ. એમ કરવાથી તમારી પ્રગતિ તો થશે જ પણ સાથે સાથે તમે બીજાઓને પણ પ્રગતિ કરતા કરશો. આ ઉપરાંત તમારા વિદ્યાર્થીઓ તમારા તરફ માનની લાગણી દર્શાવશે, તમારા વર્ગોમાં ગેરશિસ્ત નહિ હોય, કારણ કે દરેક માનવીમાં એવી કોઈ વસ્તુ રહેલી છે જે સાચી મહાનતાને ઓળખે છે અને તેની અદબ કરે છે. નઠારામાં નઠારા ગુન્હેગારો પણ કોઈ કાર્ય ઉમદા હોય તો તેની કદર કરે છે. એટલે જ્યારે બાળકો તેમના શિક્ષકમાં, તેમની શાળાના અધ્યાપકમાં, સત્ય પ્રમાણે કાર્ય કરવાની ગહન અભીપ્સા આવી રહેલી અનુભવે છે ત્યારે તેઓ તમને અદબપૂર્વક સાંભળે છે. અને તેવું, જ્યારે તમે એક દિવસ ખુશમિજાજમાં હો અને બીજે દિવસે તેમ ન હોય ત્યારે બનતું નથી; અને એ વસ્તુ તો બધાને માટે નુકશાનકારક હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૪ પૃ. ૧૦૫)

*

## નૂતન વિચાર માટે શિક્ષણનું નૂતન કેન્દ્ર

વિચારનું નૂતન કેન્દ્ર એટલે શિક્ષણનું નૂતન કેન્દ્ર.

આપણી યુનિવર્સિટીઓમાં જે શિક્ષણપ્રથા અમલમાં છે તે માનવની આધ્યાત્મિકતાને ધ્યાનમાં લેતી નથી. માનવમનને માહિતીના સંખ્યાબંધ ક્ષુદ્ર જથ્થાઓથી શ્રમપૂર્વક કાળજી રાખીને ભરી દે છે. અને આમ માનવ મન પર ભાર મૂકવા માટે જે પદ્ધતિઓ અખત્યાર કરવામાં આવે છે તે મનની આવડતને, એનાં કરણોને — જેના દ્વારા માનવ આત્મસાત કરતો હોય છે, સર્જન કરતો હોય છે, બુદ્ધિ વિકસાવતો હોય છે — નુકશાન પહોંચાડે છે અથવા નકામા કરી દે છે. (CWSA 1 : 368)




## શ્રી અરવિન્દ સ્મારક સંમેલન પ્રસંગે ઉદ્‌ઘાટન સંદેશ


શ્રી અરવિન્દ આપણી વચમાં હાજર છે અને પોતાની સર્જક પ્રતિભાના સર્વ સામર્થ્યપૂર્વક તેઓ આ યુનિવર્સિટી કેન્દ્રની રચનાના કાર્ય ઉપર અધ્યક્ષપદે વિરાજેલા છે. તેઓએ જોયું હતું કે અતિમાનસનો પ્રકાશ અહીં આવીને આજની માનવજાતિમાં રહેલી ઉત્તમોત્તમ વ્યક્તિઓને એક નવી માનવજાતિના રૂપમાં પલટી આપશે અને એ રીતે પૃથ્વી ઉપર એક નવીન જ્યોતિનો, નવીન શક્તિનો અને નવા જીવનનો આવિર્ભાવ થશે. એ પ્રકાશને ઝીલવા માટે ભાવિની માનવજાતિને તૈયાર કરવાનું એક ઉત્તમ સાધન તે આ રીતની યુનિવર્સિટી છે એમ તેઓ કેટલાંયે વર્ષોથી વિચારતા હતા.

શ્રી અરવિન્દના એક અતિપ્રિય આદર્શને સિદ્ધ કરવાના હેતુથી મળી રહેલા આ સંમેલનને હું શ્રી અરવિન્દના નામે આજે ખુલ્લું મૂકું છું.

(૨૪ એપ્રિલ ૧૯૫૧) **શ્રી માતાજી**

## શ્રી અરવિન્દ આંતરરાષ્ટ્રિય શિક્ષણ કેન્દ્રના પ્રતીકની પાછળ રહેલો સાંકેતિક અર્થ






The effective manifestation of
Ishwara and Ishwari in union.

***The Mother***

**પરમ ઈશ્વર અને ઈશ્વરી શક્તિના અદ્વૈતનો સફળતાપૂર્વક આવિર્ભાવ કરવો.**

**શ્રી માતાજી**

પોતાના કાર્યના વિકાસ માટે શ્રી અરવિન્દ જે સૌથી આધુનિક પદ્ધતિઓ ઉપલબ્ધ છે તેમાંથી એક એવી પદ્ધતિનો ખ્યાલ સેવતા હતા કે પોંડિચેરીમાં એક એવું આંતરરાષ્ટ્રિય વિદ્યાપીઠનું કેન્દ્ર સ્થાપવું જે આખી દુનિયાના વિદ્યાર્થીઓ માટે ખુલ્લું હોય...

*

મને સંપૂર્ણ ખાતરી છે, મને પૂરેપૂરો વિશ્વાસ છે, મારા મનમાં લેશમાત્ર શંકા નથી કે આ જે યુનિવર્સિટી અહીં સ્થપાઈ છે તે પૃથ્વી ઉપર જ્ઞાનની મહાન વિદ્યાપીઠ બની રહેશે.

એમ થતાં પચાસ વર્ષ લાગે, સો વર્ષ લાગે અને હું અહીં હોઈશ કે નહિ તે વિશે તમને શંકા થાય; હું હોઉં કે ન હોઉં, પરંતુ આ મારાં બાળકો મારું કાર્ય ચાલુ રાખવા માટે ઉપસ્થિત હશે.

અને આજે જે કોઈ આ દિવ્ય કાર્યમાં સહકાર આપશે તેમને એક વિશિષ્ટ પ્રકારની સિદ્ધિમાં ભાગ લીધો હોવાનો આનંદ અને ગર્વ થશે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૨ પૃ. ૧૩૭-૩૮)

*

# નૂતન ચેતના માટે નૂતન કેળવણી

## સાચો હેતુ અને ધ્યેય

આપણા શિક્ષણ કેન્દ્રનો સાચો હેતુ અથવા લક્ષ્ય શું છે ? એમાં શ્રી અરવિન્દની કૃતિઓ શીખવવાની છે; અને ફક્ત એટલું જ ? અથવા એમાંની બધી કે થોડી કૃતિઓ ? અથવા તો પછી એમ છે કે વિદ્યાર્થીઓને તેઓ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં લખાણો વાંચી શકે તે માટે તૈયાર કરવા ?

આમાં કોઈને આ કૃતિઓ કે તે કૃતિઓ વાંચવા માટે તૈયાર કરવાનો પ્રશ્ન જ નથી. આમાં ખરો પ્રશ્ન તો એ છે કે સામાન્ય માનવજાતિ જે ચીલાચાલુ વિચારો, લાગણીઓ અને કાર્યોમાં જકડાયેલી રહે છે તેમાંથી, જે લોકોમાં એવી શક્તિ હોય તેમને બહાર ખેંચી કાઢવા, એમાં એ પણ છે કે જે લોકો અહીં છે તેમને સામાન્ય માનવજાતિની રીતના વિચારો અને કાર્યોની ગુલામીમાંથી મુક્ત કરવા. અને જે લોકો અમારી વાત સાંભળવા ઇચ્છુક હોય તેમને એ વસ્તુ શીખવવી એ જીવનના એવા રાહ કરતાં અન્ય અને વધુ સાચો માર્ગ અસ્તિત્વમાં છે; શ્રી અરવિન્દે આપણે **સાચા વ્યકિત સ્વરૂપ** કેવી રીતે બની શકીએ અને એ સ્વરૂપમાં જીવન જીવી શકીએ એ આપણને શીખવેલું છે. અને છેવટે, અહીંના શિક્ષણનો હેતુ એ છે કે બાળકોને આ વસ્તુઓ માટે તૈયાર કરવાં અને **એ પ્રકારના સાચા જીવન** માટે યોગ્ય બનાવવાં.

બીજી બધી વસ્તુઓ માટે, સામાન્ય મનુષ્યની રીતે વિચારવા અને જીવવા માટે, દુનિયા ઘણી વિશાળ છે અને એમાં સૌ કોઈને માટે સ્થાન છે.

અમારે કોઈ અમુક સંખ્યા જોઈતી નથી — અમે તો પસંદગી કરીએ છીએ; અમારે અહીં તેજસ્વી વિદ્યાર્થીઓ જોઈતા નથી, અમારે તો અહીં જીવંત આત્માઓ જોઈએ છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૨ પૃ. ૧૪૩- ૪૪)

*

## કેળવણીનો આદર્શ

**બાળક :** એવી દરખાસ્ત હતી કે આપણી શાળામાં અને યુનિવર્સિટી કેન્દ્રમાં શ્રી અરવિન્દના આદર્શો અનુસાર શિક્ષણ આપવું, પરંતુ અત્યાર સુધી બહારની જેમ જ કેળવણી અપાય છે : આપણે એ જ રીતનો કાર્યક્રમ અનુસરીએ છીએ.

**શ્રી માતાજી :** હા, બેટા, અને વર્ષોથી, એવું ન બને અને જુદી રીતનું થાય તે માટે હું લડતી રહી છું. જ્યારે તમે — તમે અહીંનાં બાળકો — જ્યારે પૂરતા પ્રમાણમાં મોટાં થશો અને પ્રોફેસરો થવાની લાયકાત પ્રાપ્ત કરશો ત્યારે તમને, નવા આવનારાઓને યોગ્ય વસ્તુ અને યોગ્ય રીતે શીખવવાનું સોંપવામાં આવશે. અત્યારે તો આ વસ્તુ, તત્ત્વતઃ બાળકોની કોઈ શાળા હોવાને

બદલે પ્રોફેસરોની શાળા છે ! એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તમે, જે વસ્તુ બીજા બધા જાણે છે તેવું જ્ઞાન પ્રાપ્ત કરીને તૈયારી કરો — કારણ કે એમાં એક જરૂરી પાયો રહેલો છે; એમાં કંઈ ખાસ બહુ નથી, એ કોઈ વિગતવાર કે ઊંડો પાયો તો નથી, છતાં પણ, એમાં જે સામાન્ય માનુષી જ્ઞાનની જરૂરિયાત હોય છે તેનો એક પાયો રહેલો હોય છે — પરંતુ એક વાર એ પાયો તમને પ્રાપ્ત થાય અને તેની સાથે અહીં જે પ્રભાવ રહેલો છે તેનો તમે લાભ મેળવો અને જ્યારે તમે તમારું દૃષ્ટિબિંદુ એ રીતનું બની રહે તે પ્રમાણે સારી પેઠે વાંચી અને સમજી લો — સાચા જીવનનું દૃષ્ટિબિંદુ કેવું હોય તે તમે સમજી લો — જ્યારે તમે એ બધાનું જ્ઞાન પ્રાપ્ત કરી લેશો, ત્યારે તમે પોતે જે શીખ્યા હશો તે વસ્તુઓ બહારથી આવતાં બાળકોને ભણાવી શકશો. એ વસ્તુ આપણા કાર્યનો એક ભાગ છે.

એ ખરું છે કે જે શિક્ષણ અત્યારે આપવામાં આવી રહ્યું છે તે અમુક વિરલ અપવાદોને બાદ કરતાં, તદ્દન સામાન્ય સિદ્ધાંતો પ્રમાણેનું છે. મને એની ખબર છે. પરંતુ એના કરતાં અન્ય રીતનું કરવું હોય તો, ઉદાહરણ તરીકે, આપણે જ અહીં ભણાવવાનાં પુસ્તકો તૈયાર કરવાં જોઈએ, એમાંનાં અવતરણો આપણે પસંદ કરવાં જોઈએ, શિક્ષણ આપવાની પદ્ધતિ પણ આપણે અહીં ઘડી કાઢવી જોઈએ. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૫ પૃ. ૫૪૮- ૪૯)

*

## ઉપયોગિતાવાદ : એક રોગ

''શિક્ષણ કેન્દ્રના વિદ્યાર્થીઓના ડિપ્લોમા તથા સર્ટિફિકેટો કેમ આપવામાં આવતાં નથી ?''

લગભગ એક સદીથી માનવજાતિ એક રોગનો ભોગ બની રહેલી છે. એ રોગ વધુને વધુ ફેલાઈ રહ્યો છે અને અત્યારે એણે ઘણું જ ભયંકર રૂપ ધારણ કર્યું છે. એ રોગ તે 'ઉપયોગિતાવાદ' છે. અત્યારે જગતની વસ્તુઓને અને માણસોને, સંજોગો અને પ્રવૃત્તિઓને કેવળ આ દૃષ્ટિથી જ — ઉપયોગિતાની દૃષ્ટિથી જ જોવામાં આવે છે અને એ રીતે જ તેમનું મૂલ્ય આંકવામાં આવે છે. વસ્તુનો કોઈ ઉપયોગ દેખાય છે તો જ તેને ઉપયોગની ગણવામાં આવે છે. હા, જે વસ્તુ ઉપયોગી દેખાતી હોય તે નિરુપયોગી દેખાતી વસ્તુ કરતાં સારી તો છે જ, પણ પ્રશ્ન એ છે કે ઉપયોગી એટલે શું ? કોને માટે ઉપયોગી, શા ઉપયોગની, શા માટે ઉપયોગની — આ આપણે પહેલું સમજવાનું છે.

હા, જગતની જે પ્રજાઓ પોતાને સુધરેલી ગણે છે તેઓ તો જે વસ્તુઓમાં પૈસા મળે, પૈસો પ્રાપ્ત થાય તેને જ વધુને વધુ ઉપયોગી ગણે છે. દરેક વસ્તુનો વિચાર આ પૈસાના દૃષ્ટિકોણથી જ કરવામાં આવે છે. આને હું ઉપયોગિતાવાદ કહું છું. અને આ રોગ ઘણો જ ચેપી છે, બાળકો પણ એમાંથી બચી શકતાં નથી.

તમારી જે ઉંમરે સૌન્દર્ય અને મહત્તા અને પૂર્ણતાનાં સ્વપ્નો તમારે સેવવાં જોઈએ તે વખતે તમે પૈસાનાં સ્વપ્નાં સેવતા થઈ જાઓ છો, પૈસા કેવી રીતે કમાવા તેની ચિંતા કરતા થઈ જાઓ

છો. આ બધી વસ્તુઓ — સૌન્દર્ય, મહત્તા, પૂર્ણતા, એ કદાચ સામાન્ય બુદ્ધિના માણસને માટે વધારે પડતી ભવ્ય, અગ્રાહ્ય જેવી હશે, પણ આ ડાહીડમરી શુષ્ક સામાન્ય બુદ્ધિ કરતાં તો તે વધારે સારી વસ્તુઓ છે જ એમાં શંકા નથી.

એટલે અત્યારે હવે બાળકો જ્યારે પોતાના અભ્યાસ વિશે વિચાર કરે છે ત્યારે સૌથી પહેલું એ વિચારે છે કે કઈ વસ્તુનો અભ્યાસ એને ઉપયોગી નીવડશે. અમે જે કાંઈ ભણીએ તેમાંથી અમે મોટા થઈએ ત્યારે અમને ખૂબ ખૂબ કમાણી થાય એવું હોવું જોઈએ.

અને પછી આ બાળકો માટે એક જ વસ્તુ અગત્યની બની રહે છે. સફળતાપૂર્વક પરીક્ષા પાસ કરી દેવી. એમને જે કાંઈ ડિપ્લોમા મળશે, સર્ટિફિકેટો કે ઇલ્કાબો મળશે એને આધારે જ એમને સારી સારી જગાઓ મળવાની છે અને ખૂબ ખૂબ પૈસો મળવાનો છે.

આવાં બાળકો માટે અભ્યાસનો કોઈ બીજો હેતુ હોતો નથી, એ સિવાય અભ્યાસમાં એમને કાંઈ રસ નથી હોતો.

પણ ખરું જોતાં તો તમે જે ભણતા હો છો તે તમારે જ્ઞાનને ખાતર ભણવાનું છે, પ્રકૃતિનાં અને જીવનનાં ગૂઢ રહસ્યો જાણવા માટે તમારે અભ્યાસ કરવાનો છે, તમારી ચેતનામાં વૃદ્ધિ થાય એટલા માટે તમારી જાતને કેળવવાની છે. તમારી જાતના તમે સ્વામી બની શકો, તમારી અશક્તિ અને અજ્ઞાનને તમે જીતી શકો એટલા માટે તમારે તમારી જાતને કસવાની છે, તમે કોઈ એક વધુ ઉમદા, વધુ વિશાળ, વધુ ઉદાર અને વધુ સત્ય એવા ધ્યેય તરફ જીવનમાં ગતિ કરી શકો એટલા માટે તમારે તમારી જાતને તૈયાર કરવાની છે... વિદ્યાર્થીઓ આ વસ્તુઓનો ભાગ્યે જ વિચાર કરતા હોય છે. આ બધું તો તેમને એક સ્વપ્નસૃષ્ટિ જેવું લાગે છે. જીવનમાં તેમને એક વસ્તુ અગત્યની લાગે છે — વ્યવહારુ બનવું, પૈસા કમાવા માટે પોતાની જાતને તૈયાર કરવી, એ વિદ્યા જાણી લેવી.

જે બાળકો આ રીતના રોગમાં સપડાયેલાં છે તેમનું સ્થાન આશ્રમના શિક્ષણ કેન્દ્રમાં નથી. બાળકોને આ વસ્તુ સમજાવવા માટે જ અમે તેમને કોઈ વિધિસરની પરીક્ષા કે સ્પર્ધા માટે તૈયાર કરતાં નથી તેમ જ બહારની દુનિયામાં તેમને કામ આવે તેવા ડિપ્લોમા કે ઈલ્કાબો આપતા નથી.

અમે તો બાળકોમાં એક વધુ ઉચ્ચ, વધુ ઉત્તમ જીવનની અભીપ્સા હશે, જ્ઞાન અને પૂર્ણતા માટેની ઝંખના હશે, જેમને એક વધુ સંપૂર્ણ રીતનું સાચું જીવન જોઈતું હશે એવાં બાળકોને જ અહીં લેવા માગીએ છીએ.

બીજાઓને માટે દુનિયામાં અનેક દરવાજા ઉઘાડા છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૨ પૃ. ૩૫૯- ૬૦)

*

## શિક્ષણ એક માળખુ પૂરું પાડે છે

તમે એમ ધારો છો કે તમને એટલા માટે શાળામાં મોકલવામાં આવે છે જેથી તમે કસરતો કરી શકો અને તમને બધાને ગુસ્સે કરવા માટે આમ કરવામાં આવે છે ? ઓહ, ના ! તે

એટલા માટે છે કે તમારે એક એવા બીબાની ખાસ અનિવાર્ય જરૂરિયાત છે જેમાં તમે તમારી વ્યક્તિતાની રચના કરી શકો. તમે તમારું વ્યક્તિત્વ ઘડવાનું કામ કરતા હો, તમારું સંપૂર્ણ ઘડતરનું, તમારી જાતે જ, એક ખૂણામાં બેસીને, એકલા એકલા, તો તમને કાંઈ પણ પૂછવામાં આવશે નહીં. પરંતુ તમે તે પ્રમાણે કરતા નથી, તમે તે પ્રમાણે કરશો પણ નહીં. એવું એક પણ બાળક નથી જે આ પ્રમાણે કરે. કેમ કરવું તે પણ તે જાણી શકે નહિ કે ક્યાંથી શરૂઆત કરવી. જો કોઈ બાળકને કેમ જીવવું તે શીખવવામાં ન આવે તો તે જીવી શકે નહીં, તે જાણી શકે પણ નહીં કે કોઈ પણ વસ્તુ કેમ કરવી. ફરીને, કોઈ પણ વસ્તુ મારે ઘૃણા ઉપજાવે એવી વિગતો વિશે વાત કરવાની ઇચ્છા નથી. પરંતુ સાવ પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ પણ કેમ કરવી તે તેને શિખવવામાં આવી ન હોય તો યોગ્ય રીતે તે કરી શકે નહીં. એટલા માટે તેણે શીખવું જ પડે, પગલે, પગલે.... એટલે કે જો દરેક વ્યક્તિને પોતાના વ્યક્તિત્વના ઘડતરને માટે પૂરેપૂરા અનુભવમાંથી પસાર થવાનું હોય તો તેણે જીવવાની શરૂઆત કરી હોય તે પહેલાં તે મૃત્યુ પામ્યો હોય, આ બધી વસ્તુઓનો ફાયદો છે – સદીઓથી એકઠો કરાયેલો – જેમની પાસે અનુભવ હતો અને તેઓ તેમને કહે છે, ''સારું'', જો તમારે ઝડપથી પ્રગતિ કરવી હોય, અને જે સદીઓથી શીખેલાં છીએ તેને થોડાં વર્ષોમાં જાણવું હોય તો આ પ્રમાણે કરો !'' વાંચો, ભણો, અભ્યાસ કરો અને પછી ભૌતિક ક્ષેત્રમાં આ રીતે કરવાનું તમને શીખવવામાં આવશે, કે તે રીતે અને આ બધું ફરીથી, આ રીતે (ક્રિયાઓ). એક વખત તમે થોડુંક જાણો છો, તમે તમારી રીત શોધી કાઢો, જો તમારામાં તે પ્રમાણેની બુદ્ધિ હોય તો ! પરંતુ પહેલાં તો તમારે તમારા પગ ઉપર ઊભા રહેવું પડશે અને કેમ ચાલવું તે શીખવું પડશે. તે કેવળ એકલા શીખવું બહુ મુશ્કેલ છે. દરેકને માટે એ પ્રમાણે જ છે. દરેકે પોતાની જાતનો ઘાટ ઘડવો પડશે. એટલા માટે વ્યક્તિને શિક્ષણની જરૂર છે. આપણે તે સ્થિતિમાં છીએ ! (શ્રી માતૃવાણી ગ્રંથ : ૬ પૃ. ૨૫૪- ૫૫)

*

**સદીઓની અભીપ્સા આપણને અહીં લઈ આવી છે.**

**માતાજી, રસપ્રદ વસ્તુ આ છે. અમારામાં એવું શું છે જેને લઈને અમે અહીં આવ્યા છીએ?**

અહા ! તે તો ઘણું રસિક ! તમારું અહીં હોવા વિશેનું કારણ ? સારું, તે તમારે દરેકે પોતે શોધી લેવાનું છે. તમે શોધ્યું છે ? તેં ? ના ? હજુ સુધી નહીં ? અરે આ તો બીજો ઘણો રસપ્રદ પ્રશ્ન !

જો તમે.... (મૌન) જો તમે તમારી જાતને આ વિશે પૂછ્યું હોત તો તમારી અંદરથી – કોઈક જગાએથી તમારે ઉત્તર મેળવવાની જરૂર પડી હોત.... કારણ કે તમારા અંતરાત્મામાં ઉત્તર છે. ''આપણામાં એવું શું છે જે આપણને અહીં લાવ્યું છે ?'' ઉત્તર અંદર છે. બહાર કાંઈ પણ નથી. અને જો તમે પૂરતા ઊંડે જાઓ તો તમને ઘણો સ્પષ્ટ ઉત્તર મળશે.... (મૌન) અને ઘણો રસપ્રદ

ઉત્તર. જો તમે બાહ્ય રહેલી બધી વસ્તુઓને બદલે એક પૂરતા પ્રમાણમાં, પૂર્ણ શાંતિમાં, ઊંડે ઊંડે જાઓ તો તમે તમારી અંદર, જેની હું વારંવાર વાત કહું છું તે જ્યોતિને શોધી શકશો અને આ શિખામાં તમે તમારી નિયતિનું દર્શન કરી શકશો, તમે સદીઓથી સેવેલી અભીપ્સાને જોઈ શકશો, જે ધીરે ધીરે સંગૃહિત થયેલી છે અને તમને અગણિત જન્મો દ્વારા મહાન સાક્ષાત્કારના દિવસ તરફ દોરી જાય છે. — તે તૈયારી તમે હજારો વર્ષોથી કરો છો અને તેનું ચરમબિંદુ આવી પહોંચ્યું છે.

અને જ્યારે તમે ખૂબ ખૂબ ઊંડાણમાં આ વસ્તુ શોધવા માટે જશો ત્યારે તમે તમારી બધી અશક્તિઓ, તમારી બધી જ નબળાઈઓ, તમારામાં જે કાંઈ છે, જે સમજવાનો ઇન્કાર કરે છે તે બધું જ — તમે પોતે નથી એમ અનુભવશો; એક ઉપયોગી કપડું થોડા સમય પૂરતું તમે પહેરી લીધું છે, પરંતુ તમે સમજશો કે તમારે જે કરવાનું હતું તેને માટે મળેલી તકનો પૂરેપૂરો લાભ લેવાને માટે, તમે આટલો બધો લાંબો સમય અભીપ્સા રાખેલી છે. માટે તમારે ધીરે ધીરે પ્રકાશ, ચેતના અને સત્યને આ બાહ્ય વસ્ત્રનાં તમોગ્રસ્ત તત્ત્વોમાં ઉતારવાનાં છે, જેથી કરીને તમે સંપૂર્ણતયા સમજી શકો કે શા માટે તમે અહીં છો ! અને તમે ફક્ત સમજશો જ એટલું નહીં પરંતુ તે પ્રમાણે કરવા માટે તમે શક્તિમાન થઈ શકશો. સદીઓથી આ વસ્તુ તમારી અંદર થયેલી હતી, ફક્ત આ શરીરમાં જ નહીં (માતાજી પોતાના હાથના આગળના ભાગમાં ચૂંટી ખણે છે) આ તો તદ્દન આધુનિક છે, ખરું ને ? — પરંતુ તમારા સાચા આત્મ-તત્વમાં અને ઘણી સદીઓથી આ તકની તમે રાહ જોતા હતા.

અને પછી તમે તાત્કાલિક અદ્‌ભુત પ્રદેશમાં પ્રવેશ કરો છો. તમે જોઈ શકો છો કે કેવો અદ્‌ભુત... જે વસ્તુઓ માટે વ્યક્તિ વર્ષોથી આશા રાખતી હતી, જે વસ્તુઓ માટે વ્યક્તિ વર્ષોથી પ્રાર્થનાઓ કરતી હતી, જેના માટે તમે ઘણા પ્રયત્નો કરતા હતા, તેમાં એક ક્ષણ એવી આવે છે જ્યારે તે બધી વસ્તુઓ સિદ્ધ થઈ જાય છે.

તે ક્ષણે મહાન વસ્તુઓ બને છે. વ્યક્તિએ આ તક ગુમાવવી જોઈએ નહિ.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૬ પૃ. ૨૬૪- ૬૫)

*

## વાતાવરણની શક્તિ

હું માનું છું કે એમાં જે લોકો અહીં બાળપણથી જ આવેલાં છે અને તદ્દ્ન અભાનપણે જે વસ્તુઓની લાગણીઓ અનુભવી હોય છે તે વસ્તુઓ પછી ગમે તે પરિસ્થિતિ હોય — તે છતાં અમુક અસર મૂકતી જાય છે, એની અમુક રીતની અસર થયા વિના રહેતી નથી. અને જ્યારે એવા લોકો અહીં ઊછરેલાં બાળકોની સાથે બહારથી આવતાં બાળકોને જુએ છે ત્યારે એમને એક સાચી રીતનો તફાવત દેખાય છે (કદાચ શિક્ષણના બાહ્ય, સ્થૂળ રીતના ભાગમાં નહિ, પણ સમજશક્તિમાં, બુદ્ધિમાં અને આંતરિક જાગૃતિની બાબતમાં), એમાં ઘણો મોટો તફાવત રહે છે.

અને નવાં આવનારને એ જ સ્તર ઉપર આવતાં થોડો સમય લાગે છે. તમે જોઈ શકતા નથી કે એ વસ્તુ પુસ્તકોથી પરની કોઈ વસ્તુ છે ? તેમાં જાણે એક ઠેકાણે તમે શુદ્ધ વાતાવરણમાં રહેતા હો, જ્યારે જ્યારે શ્વાસ લેતા હો ત્યારે તમારાં ફેફસાંમાં શુદ્ધ હવા ભરતા હો અને બીજે ઠેકાણે તમે એક ચેપી વાતાવરણમાં રહેતા હો અને જ્યારે જ્યારે શ્વાસ લેતા હો ત્યારે પોતાની અંદર ઝેર ભરતા હો એ બે વચ્ચેના તફાવત જેવું કાંઈક હોય છે — ચેતનાના દૃષ્ટિબિંદુથી જોતાં પણ ઘટના એ જ પ્રકારની છે અને તત્ત્વતઃ તો એ જ સૌથી અગત્યની છે. અને આ વસ્તુ જ, સપાટી ઉપરની ચેતનાની પકડમાંથી બિલકુલ છટકી જતી હોય છે. તમે પ્રકાશપૂર્ણ, અભીપ્સાવંત, સાચી સમજવાળા, તાત્ત્વિક પૂર્ણતાવાળા એક ચૈતન્યના સમુદ્રમાં ડૂબેલા છો અને તમારી ઇચ્છા હોય કે ન હોય તોપણ એ તમારી અંદર પ્રવેશ કરે છે. જે લોકો કેવળ તેમની બાહ્ય ચેતનામાં પુરાઈ રહેલા છે તેમનાથી પણ અર્થ વિનાની નિદ્રા લઈ શકાતી નથી. નિદ્રા દરમ્યાન પણ અહીં એક ઘણું ઘણું ભારે કામ થતું રહે છે. એટલે એની જે અસર હોય છે તે આપણે જોઈ શકીએ છીએ. હું તદ્દન બહારથી આવતા લોકોને મળું છું. એ લોકો કશું જાણતા નથી હોતા (કેવળ એ લોકોએ તેમનું જીવન, બાળકોમાં રસ લેવામાં વિતાવ્યું હોય છે.) હવે, આવા મુલાકાતીઓ, — આવતાજતા લોકો — ઉપર એવી છાપ પડે છે કે લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે : 'પરંતુ અહીંનાં તમારાં બાળકો જેવાં બાળકો બીજે કોઈ ઠેકાણે મેં જોયાં નથી !' પરંતુ આપણે માટે તો, આપણે તો એમનાથી ટેવાઈ ગયેલાં છીએ, નહિ ? એ લોકો આપોઆપ, તદ્દન સ્વાભાવિક રીતે એવાં બને છે — પરંતુ એમની ચેતનામાં એક પ્રકારની જાગૃતિ હોય છે, એક પ્રકારનો અંતરનો પ્રતિભાવ હોય છે, એક પ્રકારની પ્રફુલ્લનની લાગણી થતી હોય છે, અંતરમાં એક પ્રકારની સ્વતંત્રતા હોય છે અને આવું બીજે કોઈ ઠેકાણે હોતું નથી. અહીં કેટલાંક બાળકો એવાં જેમને ભયંકર કહેવાય તેવી સારી રીતે ઉછેરેલાં હોય છે — એવાં વિનયી, એટલાં બધાં સંસ્કારી, જેઓ તમને એવો સરસ પ્રત્યુત્તર વાળે.... અને આપણને એમને જોઈને નાનકડી કઠપૂતળીઓનો ખ્યાલ આવે, ફક્ત અર્ધસભાન, જેમને સરસ રીતે પૉલીશ કરવામાં આવ્યું હોય, સારી રીતે સાફસૂફ કરવામાં આવી હોય, બહારની બાજુએથી બરાબર ખરખરો ફેરવવામાં આવ્યો હોય, પરંતુ એમની ભીતરમાંથી કશો પ્રતિભાવ ન હોય. અહીં હું એમ નથી કહી શકતી કે અમે કોઈ અત્યધિક નમ્રતાનો (!) પાઠ આપીએ છીએ, અહીં તો બાળકો જરાક... થોડાંક 'અસંસ્કારી' થાય છે. પરંતુ એમાં પણ તેઓ એટલાં બધાં જાગ્રત હોય છે ! આપણને એમનામાં એક ચેતનાનો રણઝણકાર સંભળાય છે. અને સૌથી અગત્યની વસ્તુ તો એ જ છે. અને આ વિશે આપણે કોઈ વાત કરતાં નથી, કારણ કે આવી વસ્તુઓ વિશે આપણે કહેવાનું હોતું નથી — એ તો આજના જેવો પ્રસંગ આવે ત્યારે મારે એ વિશે કંઈ કહેવાનું થાય છે. સાચે જ, તમે અહીં ઘણાં વર્ષોથી છો અને આજે પહેલી વાર જ તમને બરાબર ખબર પાડવામાં આવે છે, ભલે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૫ પૃ. ૫૪૯- ૫૫૧)

*



આશ્રમશાળાના પ્રાંગણમાં : વર્ષ ૧૯૫૨

# નૂતન પદ્ધતિ

## બધી વસ્તુ નૂતન રીતે કરવી

**માતાજી, દા.ત. જો લાંબા કૂદકામાં કોઈ વધારે અંતરનો કૂદકો મારવાનો પ્રયત્ન કરે તો તે કઈ રીતે દિવ્ય કર્મ થયું ?**

ઈહ ! મને માફ કરશો. તમારે તે કાર્ય લાંબા કૂદકાના આનંદને માટે કરવાનું નથી, તમારે તમારા શરીરને તેના કાર્યમાં વધારે પૂર્ણ બનાવવાનું છે અને એટલા માટે તમારે તેને દિવ્ય શક્તિઓને સ્વીકારવા માટે અને તેનો આવિર્ભાવ કરવા માટે યોગ્ય કરણ બનાવવાનું છે.

વ્યક્તિ જે કોઈ વસ્તુ આ જગામાં કરે છે તે આ પ્રકારની ભાવનાથી થવી જોઈએ નહિ તો તમને જે તક આપવામાં આવી છે અને તમને જે સંજોગો આપવામાં આવ્યા છે તેનાથી કોઈ લાભ થશે નહીં. મેં તમને એક દિવસે આ વાત સમજાવી હતી, ખરું ને ? કે અહીં ચેતના છે, તે બધી વસ્તુઓની આરપાર રહેલી છે અને બધી જ ક્રિયાઓમાં આવિર્ભાવ પામવા પ્રયત્ન કરે છે. પરંતુ તમે જો તમારી જાતને એમ કહો કે તમે જે પ્રયત્ન કરો છો, તમે જે પ્રગતિ કરો છો તે એટલા માટે કે ચેતના ગ્રહણ કરવા તમે વધારે શક્તિશાળી બનો અને તેનો આવિર્ભાવ કરો તો તમારાં કાર્યો વધારે સારાં અને વધુ શક્તિશાળી બનશે. આ સત્ય કહેવા માટે પણ મને આ પ્રાથમિક વસ્તુ લાગે છે; આથી કાંઈક ભિન્ન બને તો મને આશ્ચર્ય થાય. કારણ કે જે રીતે અહીં આ આશ્રમમાં તમારી હાજરીને ગોઠવવામાં આવી છે એવી રીતે બીજા કોઈ આશ્રમમાં ગોઠવાયેલી હોય અને આ વસ્તુ ત્યાં ન હોય તો તેનો શો ઉપયોગ? ઘણી સંખ્યામાં યુનિવર્સિટીઓ, શાળાઓ આ જગતમાં છે જે સારી રીતે સુવ્યવસ્થિત છે.

પરંતુ જો તમે અહીં હો તો તેના માટે એક વિશિષ્ટ કારણ છે ! કારણ કે અહીં ચેતનાને ગ્રહણ કરવાની એક શક્યતા છે. અહીં જે પ્રગતિ થાય તે તમને બીજી કોઈ પણ જગાએ જોવા મળશે નહીં અને જો તમે આ વસ્તુનો સ્વીકાર કરવા તૈયાર થતા ન હો તો તમને જે તક આપવામાં આવી છે તે તમે ગુમાવી દેશો ! (શ્રી માતૃવાણી ગ્રંથ : ૬ પૃ. ૨૬૧- ૬૨)

*

## વધુમાં વધુ શક્ય સ્વતંત્રતાનો સિદ્ધાંત

**તમે કહ્યું કે અમે અહીં છીએ અને અમારી પાસે બધી વસ્તુઓ છે. તેથી અમને તે બધું સ્વાભાવિક લાગે છે. તો અમારી પાસે પ્રયત્ન પણ સ્વાભાવિક રીતે જ કેમ આવતો નથી ?**

તે એટલા માટે છે કે સામાન્ય માનવીની સ્થૂલ પ્રકૃતિ શ્રી અરવિન્દ લખે છે તે પ્રમાણે, ઘણુંખરું તામસિક હોય છે. સ્વાભાવિક રીતે જ તે કોઈ પ્રયત્ન કરતી જ નથી. પરંતુ પ્રાણશક્તિ પ્રયત્ન કરે છે. ફક્ત તે તો ઘણે ભાગે પોતાનો સંતોષ મેળવવા માટે જ પ્રયત્ન કરે છે. તેમ છતાં તે પ્રયત્ન કરવા માટે શક્તિશાળી છે, કારણ કે તે તેની પ્રકૃતિ છે. હકીકતમાં, હું એમ ન કહી

શકું કે તમે કોઈ પ્રયત્ન કરતા નથી. તમે ઘણી વસ્તુઓ માટે પુષ્કળ પ્રયત્ન કરો છો. જ્યારે તમને તે પસંદ હોય ત્યારે, અથવા તમે એક યા બીજા કારણસર એમ સમજો કે તે જરૂરી છે ત્યારે. તું જે કહેવા માગે છે તે એ છે કે યોગ માટે એક સતત પ્રયત્ન કરવો જોઈએ. એવા લોકો છે, જેઓ યોગ માટે જ ખાસ અહીં આવેલા છે, અથવા જેઓ ફક્ત એમ વિચારે છે કે તેઓ યોગ માટે આવ્યા છે અને તેઓ વધારે પ્રયત્ન કરતા નથી. તેઓ અહીં જે રીતે સહેલાઈથી આવી ગયા છે તેવી રીતે વસ્તુઓને સહેલી ગણી લે છે. હું માનતી નથી કે સ્થૂલ પ્રકૃતિને પોતાની જાત ઉપર જ છોડી દેવામાં આવે તો સાહજિક રીતે તે પ્રયત્ન માટે પ્રેરાય. અમુક પ્રમાણમાં ક્રિયાઓની તેને જરૂર છે, પરંતુ તે ખૂબ થોડી હોય છે, તમે સમજ્યા, એક મોટી વસ્તુ એ છે કે શિક્ષણનો સિદ્ધાંત અહીં એક સ્વતંત્રતાનો સિદ્ધાંત છે અને ટૂંકમાં કહીએ તો આખું જીવન સૌથી વધારે શક્ય એટલી ગતિઓની સ્વતંત્રતામાં ગોઠવાયેલું છે. એટલે કે, નિયમો, નિયમનો, મર્યાદાઓને બિલકુલ ઓછામાં ઓછા કરી નાખવામાં આવે છે. મા-બાપો બાળકોને જે રીતે ભણાવે છે, એક કાયમનું, ''આ કરીશ નહીં,'' ''તું આ કરી શકે નહીં,'' ''આ કર,'' ''જા અને તે કામ કર,'' — તેની સાથે તમે જો આને સરખાવો તો તમે જાણો છો કે એવા હુકમો અને અહીંના નિયમો વચ્ચે ઠીક ઠીક પ્રમાણમાં તફાવત હોય છે.

આપણે અહીં જે નિયમો છે તેના કરતાં શાળાઓ અને મહાશાળાઓ, બધે જ ઘણા કઠિન નિયમો હોય છે. તેથી જ્યારે કોઈની દ્વારા તમારા માટે પ્રગતિ કરવા માટેની પૂરેપૂરી શરત તમારી પાસે મૂકવામાં આવતી નથી ત્યારે તમને પસંદ પડે ત્યારે તમે શરત મૂકો છો અને તમને પસંદ ન હોય ત્યારે તમે મૂકતા નથી. અને તમે બધી વસ્તુઓને એટલી બધી સહેલી બનાવી દો છો; કેટલાક એવા છે — હું આ પૂરેપૂરી રીતે કહેતી નથી — કેટલાક લોકો એવા છે જેઓ પ્રયત્ન કરે છે. પરંતુ તે સ્વયંસ્ફુરણાથી કરે છે, ચોક્કસ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી આની કિંમત અનંત ગણાય. જ્યારે તમને પ્રગતિ માટે જરૂરિયાત લાગે ત્યારે તમે જે પ્રગતિ કરો, તે તમને સાહજિક રીતે જ ધપાવવા માટેનો એક આવેગ છે. અને તે વસ્તુ તમારી ઉપર લાદી દીધેલો નિયમ નથી — આ પ્રગતિ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી ઘણી કિંમતી છે. વસ્તુઓને સારી રીતે કરવા માટે તમારી અંદર જે કાંઈ બધું હોય તે સાહજિક રીતે સચ્ચાઈથી કાંઈક કરવા કાંઈક પ્રયત્ન કરે છે; તે તમારી અંદરથી આવે છે. નહિ કે તમે સારું કરો માટે તમને ઈનામ મળે અને ખરાબ કરો તેથી શિક્ષા મળે. તેટલા માટે આપણી પદ્ધતિ તેના ઉપર રચાઈ નથી.

એ શક્ય છે કે કોઈક ક્ષણે એવું બને કે તમારા પ્રયત્નની પ્રશંસા થઈ છે એવી છાપ તમારા ઉપર પડે, પરંતુ તમારો તે પ્રયત્ન તેના માટે કરવામાં આવતો નથી; એટલે કે આ વચનો પહેલેથી આપવામાં આવતાં નથી તેમ જ તેની સમતુલા કરવા માટે તેના પ્રમાણમાં શિક્ષાઓ નથી. અહીં આવી પદ્ધતિ નથી. ઘણે ભાગે વસ્તુઓની એવી રીતે ગોઠવણી કરવામાં આવી હોય છે કે સારું કરવાનો સંતોષ એ જ તેની બક્ષિસ છે. અને પોતે ખરાબ રીતે કરે એટલે તેને પોતાને જ દુઃખ થાય અથવા અસ્વસ્થતાની લાગણી આવે તે જ વધારેમાં વધારે મૂર્તિમંત સજા છે. તેથી આ બધી

ક્રિયાઓ આંતરિક આધ્યાત્મિક વિકાસના દષ્ટિબિંદુથી, બાહ્ય રીતે લાદેલા નિયમના પરિણામ કરતાં અનંતગણી વધારે કિંમતી હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૬ પૃ. ૪૧૭- ૧૮)

*

**સ્વતંત્રતા અને શિસ્ત**

**માતાજી, કેટલાક લોકો કહે છે કે રમત-ગમતો પર, શારીરિક કેળવણી પર એટલો બધો ભાર મૂકવામાં આવે છે કે તેથી અભ્યાસમાં અમે બહુ આગળ વધી શકતા નથી. આ વાત સાચી છે ?**

કોણે તમને એમ કહ્યું ? જે લોકોને શારીરિક કેળવણી નથી ગમતી તે લોકોએ ? અક્કડ બની ગયેલા વૃદ્ધ શિક્ષકોએ કે જેમને હવે વ્યાયામ ગમતો હોતો નથી ? હું તેમનાં નામ નથી પૂછતી !

મને એ વાત સાચી નથી લાગતી.

શ્રી અરવિન્દે બુલેટિનમાં જે પ્રથમ લેખ લખ્યો હતો તે તમને યાદ છે ? તે લેખમાં તેઓ આ લોકોને જડબાતોડ જવાબ આપે છે.

હું ખાતરીપૂર્વક કહું છું કે તે વાત સાચી નથી. તે માટેનો દોષ હું મારે માથે લઈ લઉં છું ! હે મારાં બાળકો, તમને ખૂબ-ખૂબ સ્વતંત્રતા આપવામાં આવી છે. દુનિયામાં બીજું એવું એક પણ સ્થાન નથી જ્યાં બાળકોને અહીંના જેટલી સ્વતંત્રતા આપવામાં આવતી હોય. તેવી સ્વતંત્રતાનો સદુપયોગ કેમ કરવો તે જાણવું બહુ કઠિન છે.

છતાં આ પ્રયોગ કરવા જેવો હતો. તમને તેની કદર નથી, કારણ કે સ્વતંત્રતા-વગરની શાળાઓ કેવી હોય તેનો તમને અનુભવ નથી. તમને સ્વતંત્રતા — છૂટ સ્વાભાવિક લાગે છે. પણ પોતે જાતે તે સ્વતંત્રતાને કેવી રીતે સંગઠિત કરવી તે જાણવું બહુ કઠિન છે. છતાં પણ જો તમારે તે કામમાં સફળતા મેળવવી હોય, તમારી જાતને તમારી પોતાની શિસ્ત આપવી હોય, બીજા કોઈએ લાદેલી શિસ્ત ન સ્વીકારવી હોય. માત્ર પ્રગતિ કરવા માટે જ અને તમારામાં રહેલી શ્રેષ્ઠ વસ્તુઓને બહાર લાવવા માટે શિસ્ત સ્વીકારવી હોય — ઉચ્ચતર કારણો માટે, પરીક્ષાઓમાં પાસ થવા માટે નહિ, કેરિયર (કારકિર્દી) પ્રાપ્ત કરવા માટે નહિ, તમારા શિક્ષકોને ખુશ કરવા માટે નહિ, ઘણાં ઈનામો જીતવા માટે નહિ, કોઈ તમને ઠપકો ન આપે તેટલા માટે નહિ, કોઈ તમને માર ન મારે તેટલા માટે નહિ —, તો તમે જરૂર પ્રગતિ કરવાના. જે બાળકો સામાન્ય શાળાઓની શિસ્તનું પાલન કરે છે, તેમના કરતાં તમે ઘણા શ્રેષ્ઠ બનવાના. હું તેવો પ્રયત્ન કરવા માગતી હતી. હું એમ નથી કહેતી કે હું તે પ્રયત્નમાં નિષ્ફલ ગઈ છું. હજી મને બહુ મોટી આશા છે કે આ અસાધારણ તકનો લાભ કેવી રીતે ઉઠાવવો તે તમને આવડશે. છતાં પણ તમારે કાંઈક તો શોધવાનું રહેશે; તે છે આંતર શિસ્તની જરૂરિયાત. શિસ્ત સિવાય તમે ક્યાંય નહિ જઈ શકો, શિસ્ત સિવાય તમે સામાન્ય માનવીનું સામાન્ય જીવન પણ નહિ જીવી શકો. પણ સામાન્ય સમાજોની અને સામાન્ય સંસ્થાઓની રૂઢિ-પ્રાપ્ત શિસ્તને બદલે, તમે જાતે

જ, પરિપૂર્ણતાના પ્રેમને કારણે, તમારા અસ્તિત્વની પરિપૂર્ણતા માટે, તમારે પાળવાની શિસ્ત ઘડી કાઢો એવું હું માગતી હતી અને હજી પણ માગું છું.

નોંધી લો કે જો માણસ શરીરને શિસ્તબદ્ધ ન બનાવે, તો તે પોતાના બે પગ પર પણ ઊભો ન રહી શકે, બાળકની પેઠે તેને બે હાથ અને બે પગ વડે ચાલવાનું રહે. તમને શિસ્ત-પાલન કરવાની ફરજ પડતી હોય છે; તે સિવાય તમે કશું જ કરી ન શકો, સમાજમાં રહી ન શકો, તમારે માત્ર જંગલમાં જ રહેવું પડે — કદાચ જંગલમાં પણ તમારી જાત માટે શિસ્ત અનિવાર્ય થઈ પડે. મેં તમને આ વાત અનેક વાર કરી છે, કારણ કે મને રૂઢિપ્રાપ્ત શિસ્તો પ્રત્યે, સામાજિક અને બીજી શિસ્તો પ્રત્યે ખૂબ અણગમો છે. તેનો અર્થ એવો નથી કે તમારે સર્વ પ્રકારની શિસ્તથી વેગળા રહેવું જોઈએ. હું ઇચ્છું છું કે દરેક જણે પોતાની આંતર અભીપ્સાની દિલની સચ્ચાઈ-પૂર્વક, પોતાનો સાક્ષાત્કાર કરવાના સંકલ્પપૂર્વક, પોતાને માટે જરૂરી શિસ્ત શોધી કાઢવી જોઈએ.

એટલે શિક્ષકોનું, અધ્યાપકોનું, સર્વ જાણકારોનું એ લક્ષ્ય હોવું જોઈએ કે તે શિસ્ત શોધી કાઢવામાં તમને મદદ કરે, જરૂરી જ્ઞાન આપે. જ્યારે તમે જેનો ઉકેલ ન લાવી શકો તેવી સમસ્યાની પરિસ્થિતિમાં મુકાયા હો, ત્યારે તમે તે સમસ્યાને શિક્ષકોની સમક્ષ રજૂ કરો. અને જાત-અનુભવથી તેઓ તમને કહે કે ના, તે વસ્તુ આમ છે, તમારે આમ કરવું જોઈએ, તમારે એવો પ્રયત્ન કરવો જોઈએ. એટલે સિદ્ધાંતોને, નિયમોને, વત્તા-ઓછા ભાવ-વાચક જ્ઞાનને અપનાવવાની તમને ફરજ પાડવાને બદલે, તે શિક્ષકો તમને વસ્તુઓ વિશે જરૂરી માહિતી આપે — સૌથી વધારે ભૌતિક વસ્તુથી માંડીને તે સૌથી વધારે આધ્યાત્મિક વસ્તુ સુધી — અને તે માહિતી દરેક વિદ્યાર્થીના ક્ષેત્ર અનુસાર તથા શક્તિ અનુસાર અપાવી જોઈએ.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૮ પૃ. ૧૭૦- ૭૨)

*

## સ્વતંત્રતાની સમજ કેળવવી

**માતાજી, આપણે એક મુદ્દો લઈએ. તમે કહ્યું છે કે વિદ્યાર્થીઓને પૂરી સ્વતંત્રતા અપાવી જોઈએ. કેટલાક લોકો તેનો અર્થ એવો કરે છે કે મુકરર કરેલા, નિશ્ચિત વર્ગો ન હોવા જોઈએ, વિદ્યાર્થીને મરજી મુજબ કરવા દેવું જોઈએ, તેને વર્ગમાં આવવું હોય તો આવે અને ન આવવું હોય તો ન આવે વગેરે. એટલે વર્ગમાં નિશ્ચિત કલાકો ન હોવા જોઈએ. પરિણામે સંગઠન બહુ જટિલ બની જાય. વર્ગોને કેવી રીતે ગોઠવવા ?**

તદ્દન અશક્ય ! પણ મેં ક્યારે કહ્યું હતું કે આવવા માટે અથવા વર્ગમાં ન આવવા માટે વિદ્યાર્થીને છૂટો-દોર આપી દેવો જોઈએ ?

મને માફ કરો. તમારે વસ્તુઓને ગૂંચવી ન દેવી જોઈએ. મેં કહ્યું છે અને ફરી વાર કહું છું કે જો વિદ્યાર્થીને અમુક વિષય પ્રત્યે અણગમો હોય, દા.ત. સાહિત્ય અને કવિતા માટે તેનામાં શક્તિ હોય અને ગણિત માટે અણગમો અથવા ઉપેક્ષા હોય, જો તે મને કહે કે ગણિતના

અભ્યાસક્રમને અનુસરવાનું હું પસંદ નથી કરતો, તો હું તેને એમ ન કહી શકું કે ના, તારે તે વર્ગમાં જવું જ પડશે. પણ જો વિદ્યાર્થીએ એક વર્ગને અનુસરવાનો નિશ્ચય કરી લીધો હોય તો તદ્દન પ્રાથમિક શિસ્ત અનુસાર, તેણે નિયમિત રીતે તે વર્ગમાં જવું જ જોઈએ અને ત્યાં યોગ્ય વર્તન રાખવું જોઈએ; નહિ તો તે શાળામાં જવા માટે જ તદ્દન નાલાયક છે. મેં વર્ગ-સમય દરમિયાન વિદ્યાર્થી બહાર રખડે તે વાતને પ્રોત્સાહન આપ્યું જ નથી, તે એક દિવસ હાજર રહે અને બીજે દિવસે ગેરહાજર રહે તે ન ચાલે. જો તે આ તદ્દન પ્રાથમિક શિસ્તને વશ ન વર્તે, તો તે કદી પોતાની જાત પર થોડોક કાબૂ પણ પ્રાપ્ત નહિ કરી શકે; તે હમેશાં પોતાના આવેગોનો અને કલ્પનાઓનો ગુલામ બની રહેશે.

જો તમે જ્ઞાનની અમુક શાખાનું અધ્યયન કરવા ન માગતા હો, તો તે બરાબર છે, તેમ કરવાની તમને કોઈ ફરજ ન પાડી શકે. પણ જો તમે અમુક વસ્તુ કરવાનો નિશ્ચય કરો — જીવનમાં પણ —, તો તે તમારે કરવી જ જોઈએ — પ્રામાણિક રીતે, શિસ્તબદ્ધ રીતે, નિયમિત રીતે, પદ્ધતિ-પૂર્વક કરવી જ જોઈએ, અપ્તરંગો સિવાય કરવી જોઈએ. કોઈ પણ વિદ્યાર્થી પોતાના આવેગોનું અને કલ્પનાઓનું રમકડું બને તેવી છૂટ મેં કદી આપી નથી. હું તેવી છૂટ કદી આપવાની નથી, કારણ કે પછી તો તે માનવ જ રહેતો નથી, પશુ બની જાય છે. એટલે આ એક પ્રશ્ન અહીં પતી જાય છે. — ચર્ચા સિવાય. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૮ પૃ. ૩૩૨-૩૩)

*

## અજ્ઞાનમાં રહેવાનો અધિકાર

પહેલાં બીજાઓ વડે કરાયેલી વસ્તુની નકલ કરવાની માણસોને શોચનીય ટેવ પડી ગઈ હોય છે. ઘણા સમય પહેલાં મેં તમને આ વાત કહી હતી — તે દલીલ કે આ વસ્તુ કરવી જોઈએ, કારણ કે આ વસ્તુ સર્વત્ર કરવામાં આવે છે ! હું જવાબ આપું છું કે કદાચ તે જ કારણે તે ન કરવી જોઈએ ! કારણ કે જો બીજા બધા તે કરતા હોય, તો પછી અહીં પણ તે કરાય, તેનો શો અર્થ, શો ઉપયોગ ?

**પણ તમારી દરમિયાનગિરિ સિવાય, અમે કશું પણ કેવી રીતે કરી શકીએ ?**

પણ તે તમે મને શા માટે પૂછો છો ? પ્રથમ તો તમારે અતિ-મનસ્‌ના સિદ્ધાંતો અનુસાર, તમારી કેળવણીની પદ્ધતિમાં ફેરફાર કરવો જોઈએ. કમથી કમ, તમારે તે માટે પ્રયત્ન કરવો જોઈએ. તમારે કરવું કે નહિ તેવો પ્રશ્ન ન પૂછવો જોઈએ. જો તમે એક જ ચીલાચાલુ માર્ગે હમેશાં ચાલશો તો અચોક્કસ મુદત સુધી તમે તેમાં જ ચાલ્યા કરવાના. તમારે એ ચીલાચીલુ માર્ગથી બહાર આવવું જોઈએ.

ખરેખર, હું આ વિષયની સતત ચર્ચા કરતી હોઉં છું. આજે અથવા ગઈ કાલે મેં કહ્યું હતું કે જો તેને ગમતું હોય, તો દરેક માણસને અજ્ઞાનમાં રહેવાનો અધિકાર છે. હું આધ્યાત્મિક દૃષ્ટિબિન્દુથી અજ્ઞાનની વાત નથી કરતી, જે અજ્ઞાનમય જગતમાં આપણે રહીએ છીએ તેની. હું કેળવણીના સંસ્કારી વિચાર અનુસાર, અજ્ઞાનની વાત કરી રહી છું. જો કેટલાક લોકોને ભણવું

ગમતું જ ન હોય, તો તેમને ન ભણવાના અધિકાર છે.

આપણી ફરજ માત્ર તેમને એટલું જ કહેવાની છે કે ''અત્યારની તમારી ઉમ્મરમાં તમારું મસ્તિષ્ક તૈયારી કરી લેવાની સ્થિતિમાં છે, તેની રચના થઈ રહી છે. તમે જે નવી વસ્તુ શીખતા હો છો, તે તમારા મસ્તિષ્કમાં એક ચક્ર અંકિત કરી જાય છે. તમે જેમ જેમ વધારે અધ્યયન કરો છો, તેમ તેમ તમે વધારે ચિંતન કરો છો. જેમ જેમ તમે વધારે ચિન્તન કરો છો, તેમ તેમ તમે વધારે કાર્ય કરો છો. તમારા મસ્તિષ્કમાં વધારે ને વધારે ચક્રો અંક્તિ થતાં જાય છે, તમારું મસ્તિષ્ક વધુને વધુ જટિલ અને પરિપૂર્ણ બનતું જાય છે. જ્યારે તમે તરુણ હો છો, ત્યારે તે ક્રિયા સૌથી વધારે સારી રીતે થઈ શકતી હોય છે. તેથી કિશોર-અવસ્થાને ભણવા માટેની શ્રેષ્ઠ ઉમ્મર માનવામાં આવે છે, કારણ કે ત્યારે શીખવાનું કામ અનંત-ગણું સહેલું હોય છે.'' તેથી સ્પષ્ટ છે કે બાળક પોતાની જાતથી થોડો સભાન બને ત્યાં સુધીમાં તેને અમુક નિયમને વશવર્તી બનાવવો જોઈએ, કારણ કે તે સમયે તેનામાં પોતાને માટે પસંદગી કરવાની શક્તિ હોતી નથી.

*

તે ઉમ્મર બહુ પરિવર્તનશીલ હોય છે; તેનો આધાર દરેક વ્યક્તિ પર રહેલો હોય છે. પણ સાતથી ચૌદ વર્ષની ઉમ્મર દરમિયાનનાં સાત વર્ષોમાં બાળકને તર્કબુદ્ધિની શરૂઆત થાય છે. જો બાળકને યોગ્ય મદદ કરવામાં આવે તો તે સાત વર્ષના ગાળામાં તે તર્ક-બુદ્ધિવાળો માણસ બની શકે છે.

સાત વર્ષની ઉમ્મર પહેલાં પણ સર્વત્ર કેટલીક પ્રતિભાશાળી વ્યક્તિઓ જોવા મળે છે. પણ એક સામાન્ય નિયમ તરીકે, તે સમયમાં બાળક પોતાની જાતથી સભાન બનતો હોતો નથી, વસ્તુઓ શા માટે અને કેવી રીતે કરવામાં આવે છે તે તે જાણતો હોતો નથી. તે સમય છે કે જ્યારે તેની એકાગ્રતા કેળવવી જોઈએ, તે જે કરે છે તેના પર એકાગ્રતા કરતાં તેને શીખવાડવું જોઈએ, તેનામાં એવો એક પર્યાપ્ત પાયો સ્થાપવો જોઈએ કે જેથી તે કેવળ પશુ ન રહે, પણ પ્રાથમિક બૌદ્ધિક વિકાસ દ્વારા માનવ-જાતિની એક વ્યક્તિ બને.

ત્યાર પછીનાં સાત વર્ષ દરમિયાન તેને પસંદગી કરતાં શીખવાડવું જોઈએ, પોતે શું બનવા માગે છે તેની પસંદગી કરતાં તેને શીખવાડવું જોઈએ. જો તે સમૃદ્ધ, જટિલ, સારી રીતે વિકસિત, કાર્ય કરવામાં શક્તિશાળી મસ્તિષ્ક પ્રાપ્ત કરવાનું પસંદ કરે, તો તેને કામ કરતાં શીખવાડવું જોઈએ, કારણ કે કાર્ય દ્વારા, ચિંતન દ્વારા, અધ્યયન દ્વારા, પૃથક્કરણ વગેરે દ્વારા મસ્તિષ્કની રચના થાય છે. ૧૪ વર્ષની ઉમ્મરે તમે તૈયાર થઈ જતા હો છો, અથવા તમારે તૈયાર થઈ જવું જોઈએ, તમે શું બનવા માગો છો તે જાણી લેવું જોઈએ.

તેથી હું કહું છું કે જો તે ઉમ્મરે કેટલાંક બાળકો ચોક્કસપણે કહે કે બૌદ્ધિક વૃદ્ધિમાં મને જરા પણ રસ નથી, મારે ભણવું નથી, હું સામાન્ય અજ્ઞાની રહેવા માગું છું, તો મને લાગે છે કે તેમના પર અધ્યયન ઠોકી બેસાડવાનો આપણને અધિકાર નથી, તેમને ચીલા-ચાલુ માર્ગની વ્યક્તિઓ બનાવવાની જરૂર નથી. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૮ પૃ. ૧૬૫-૧૬૬)

*

## પુરાણો વિરોધાભાસ

ઇતિહાસમાં આત્મા છે, વિજ્ઞાનમાં આત્મા છે, સત્ય સર્વ સ્થળે છે. જરૂરી એ છે કે તેમને ખોટી રીતે નહિ પણ સાચી રીતે શીખવવું જોઈએ....

''આધ્યાત્મિક જીવન'' જેવું કાંઈ છે જ નહિ ! એ હજી પણ જરી પુરાણો, સંતોનો, સંન્યાસીનો ખ્યાલ છે — જેમાં આધ્યાત્મિક જીવન હોવાનું મનાય છે અને બીજાંઓનાં જીવન સામાન્ય જીવન ગણાય છે — અને એ સાચું નથી, સાચું નથી, લેશમાત્ર સાચું નથી.

આમ છતાં જો તેઓને કોઈ બે વસ્તુઓ વચ્ચેનો વિરોધ જરૂરી લાગતો હોય — કારણ કે મગજ બિચારું એવું છે કે જો એને કોઈ વસ્તુનો વિરોધ ન કરવાનો હોય તો એ કામ જ કરતું નથી — તો, વધારે સારું એ છે કે એ લોકો સત્ય અને અસત્ય વચ્ચેનો વિરોધ ગણનામાં લે, એમ કરવું એ કોઈ સંપૂર્ણ પદ્ધતિ તો નથી છતાં કંઈક ઠીક છે. કારણ કે, સૌ વસ્તુઓમાં, સર્વ ઠેકાણે, સત્ય અને અસત્યનું મિશ્રણ થઈ ગયેલું છે : જેને ''આધ્યાત્મિક જીવન'' કહેવામાં આવે છે, સંન્યાસીઓ, સ્વામીઓ, એવા જે કોઈ લોકો પોતાને દિવ્ય જીવનના પ્રતિનિધિ ગણાવતા હોય, એ સૌમાં — ત્યાં પણ, સત્ય અને અસત્યનું મિશ્રણ હોય છે.

સારું તો એ કહેવાય કે આપણે કશો ભેદભાવ જ ન ગણીએ.

(મૌન)

બાળકોને માટે, તેઓ બાળકો છે તેટલા માટે જ એ વધુ સારું ગણાય કે એમનામાં ભાવિ ઉપર વિજય પ્રાપ્ત કરવાની ઇચ્છાશક્તિ રેડવી, એવો સંકલ્પ ઊભો કરવો કે તેઓ હંમેશાં ભાવિ પ્રત્યે નજર માંડે અને શક્ય તેટલી ઝડપી ગતિ કરીને પોતાને... જે વસ્તુ બનવાની છે તેના પ્રત્યે દોરે — પણ એમણે એમની સાથે તેમના ભૂતકાળનું, તેમને દબાવી દે તેવું ઘંટીનું પૈડું પોતાની સાથે ખેંચતા ન જવું જોઈએ. એ તો આપણે ચેતનામાં અને જ્ઞાનમાં અત્યંત ઊંચે ગયેલાં હોઈએ ત્યારે જ આપણે પાછળ દૃષ્ટિ કરીએ તે વાજબી ગણાય અને ત્યારે આપણને જે બિંદુએથી ભાવિની શરૂઆત થાય છે તે દૃષ્ટિગોચર થઈ શકે છે. જ્યારે આપણે સમગ્ર ચિત્રને નિહાળી શકીએ, જ્યારે આપણને અત્યંત વિશ્વવ્યાપક દૃષ્ટિ પ્રાપ્ત થાય, ત્યારે પછી આપણને ખ્યાલ આવે છે કે જે વસ્તુ બનવાની છે તેના વિશે આ અગાઉ પણ જાહેરાત કરવામાં આવેલી છે; જેમ કે શ્રી અરવિન્દે કહેલું છે કે આ પૃથ્વી ઉપર દિવ્ય જીવનની સ્થાપના થવાની છે. કારણ કે એ ''પહેલેથી જ પદાર્થતત્ત્વમાં'' અંતર્ભૂત રહેલું છે. જો આપણે આ દૃષ્ટિબિંદુથી જોઈએ તો પાછળ કે નીચેની બાજુએ દૃષ્ટિ નાખવી રસપ્રદ નીવડે છે — જે કાંઈ થઈ ગયેલું છે તેને જાણવા માટે નહિ અથવા મનુષ્યો જે જાણે છે તે વસ્તુઓ જાણવા માટે નહિ; એમ કરવું તદ્દન નિરર્થક હોય છે.

બાળકોને એમ કહેવું જોઈએ કે ઘણી અદ્‌ભુત વસ્તુઓ પ્રગટ થવાની છે માટે તેમને ઝીલવાને માટે તૈયાર બનો. હવે જો એ લોકો એ વિષયમાં કોઈ સરળ અને વધુ સ્પષ્ટ રીતે સમજાય તેવી વસ્તુ જાણવા માગે તો તમે તેમને કહી શકો કે શ્રી અરવિન્દ આ વસ્તુઓનો અગાઉથી ઉદ્‌ઘોષ

કરવા માટે આવેલા હતા. એટલે તમે જો એમનાં લખાણો વાંચશો તો તમને એ વિષયમાં સમજણ પડશે. આ રીતે તેમનામાં રસ જાગે છે અને શીખવાની ઇચ્છા જાગ્રત થાય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૨ પૃ. ૪૧૩-૪૧૪)

*

**અભ્યાસ પરત્વેનું વલણ**

**માતાજી, આ પ્રશ્ન એટલા માટે ઉદ્‌ભવે છે કે શાળામાં અભ્યાસ કરતાં અમને કેટલીક વાર ખૂબ કંટાળો આવતો હોય છે અને અમે અમારી જાતને પૂછીએ છીએ કે આ બધાનો શો ઉપયોગ ? એટલે અમારે કયું વલણ રાખીને અભ્યાસ કરવો જોઈએ ?**

મેં હમેશાં કહ્યું છે કે વ્યાયામ સ્નાયુઓ પર જે અસર પેદા કરે છે તેના જેવી જ અસર અભ્યાસ મગજ પર કરે છે. દા.ત. માનસિક ક્રિયાને ચપળ બનાવવા માટે, તેને બલવાન અને સમૃદ્ધ બનાવવા માટે, અને તેને સમજની સૂક્ષ્મતા અર્પવા માટે, માનસિક વ્યાયામની ખૂબ જરૂર છે. માનસિક વ્યાયામ વગર તે વસ્તુઓ તમારામાં નહિ આવે. દા.ત. ઘણા લાંબા સમયથી હું જોતી આવી છું કે જો કમનસીબે હું તમારી સમક્ષ તત્ત્વચિંતનીય પરિભાષામાં કશાકનું વાચન કરતી હોઉં અથવા તત્ત્વચિંતનીય દૃષ્ટિબિંદુથી કાંઈક બોલતી હોઉં, તો તમે સમજી શકતા હોતા નથી. તેનું કારણ એ છે કે તમે બિલ્કુલ તત્ત્વચિંતનીય વ્યાયામ કર્યો હોતો નથી. એનો અર્થ એવો નથી કે તમે બુદ્ધિશાળી નથી, તમારામાં સમજવાની શક્તિ નથી. પણ તેનું કારણ એ છે કે તમે યોગ્ય વ્યાયામ કર્યો હોતો નથી. હું તમને તે જ વાત બીજી રીતે કહી શકું : કે તમે તે ભાષા શીખ્યા નથી. શબ્દો તે જ વપરાયા હોય છે, પણ તે જરાક ભિન્ન પરસ્પર — સંબંધમાં, જુદા શબ્દ-વળાંકો સાથે, વસ્તુઓ પ્રત્યે જુદા માનસિક વલણ સાથે. જો તમે તેની સાથે સુસંગત એવો વ્યાયામ ન કર્યો હોય, તો તમે તે જુદું વલણ તમારામાં ન લાવી શકો. તમે આ દૃષ્ટાંતને ખૂબ સહેલાઈથી સમજી શકો છો, કારણ કે તમે બહુ સારી રીતે જાણો છો કે જો તમે તાલીમ ન લીધી હોય, તો તમે કદી આ વ્યાયામની કસરતો કરી શકતા હોતા નથી. તમારામાં ખાસ શક્તિઓ હોય, તમારામાં આવડતની ખાસ દેણ હોય, પણ જો તમે તાલીમ ન લો અને તેની પ્રેક્ટીસ ન કરો, તો તમે તે કસરતો ન કરી શકો. તમારી ચપલતા માગી લેતી કસરતોનો વિચાર કરો. જો તમને પહેલે જ દિવસે તે કસરતો કરવાનું કહેવામાં આવે, તો તમે તે નથી કરી શકતા, તે તમારે માટે કરવી અશક્ય છે. તે વાત તમે સારી રીતે જાણો છો. જો તમને કોઈક એકદમ કહે કે આહ, હવે આ કસરત કરો, અમુક પ્રકારનો હવામાં અદ્ધર કૂદકો મારો, તો તમે કહેશો કે આ માણસ તદ્દન અ-તર્કયુક્ત છે. મારે માટે તેમ કરવું અશક્ય છે ! આમાં પણ એ જ વાત છે. જો હું અમુક પુસ્તકો લઈને તમારી આગળ વાચન કરું, તો તે તમે સમજી નહિ શકો, કારણ કે તમે તત્ત્વચિંતનીય માનસિક વ્યાયામની તદ્દન ઉપેક્ષા કરી છે. જો કોઈને ગણિત-શાસ્ત્રીય તર્કને અનુસરવાનું કહેવામાં આવે, તો તે માણસ તે ન કરી શકે. આનો અર્થ એ થયો કે જો તમારે તમારા અસ્તિત્વની ગહનતર વાસ્તવિકતાને પરિપૂર્ણ રીતે, સમગ્રતાપૂર્વક અભિવ્યક્ત કરવી

હોય, અને જો તમારા અસ્તિત્વના સર્વ ભાગો યોગ્ય વ્યાયામ દ્વારા પૂર્ણ રીતે વિકાસ પામ્યા હોય, તો તમે વધારે સમૃદ્ધ, પરિપૂર્ણ, વિવિધ રીતે તે વાસ્તવિકતાને અભિવ્યક્ત કરી શકશો.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૮ પૃ. ૩૪૦-૩૪૧)

*

**સત્યના થોડાં બિંદુઓ**

કદી ભૂલ ન કરો.
કદી મિજાજ ન ગુમાવો.
હંમેશાં સમજદાર રહો.

અને શિક્ષકે માત્ર એટલું જ કરવાનું છે કે આ પ્રકારની પ્રવૃત્તિ અથવા ઊર્મિ કેમ ઉત્પન્ન થઈ છે તે સ્પષ્ટપણે જોવું અને જાણવું, એ બાળકનું અંદરનું બંધારણ કઈ રીતનું છે તે સમજવું, એમાંથી કઈ વસ્તુને પુષ્ટિ આપીને આગળ લાવવાની છે તેનું દર્શન મેળવવું — માત્ર આટલું જ કરવાનું છે, અને પછી તેમને સ્વતંત્રપણે પોતાનો વિકાસ કરવા છૂટાં મૂકવાં, કેવળ તેમને ઘણી ઘણી વસ્તુઓને જોવાની, સ્પર્શ કરવાની. શક્ય તેટલી વસ્તુઓ કરી જોવાની તક આપવી. એમાં બહુ મજા પડે છે. અને સૌથી વધુ અગત્યની વસ્તુ તો એ છે કે તમે જે વસ્તુ જાણો છો એમ માનતા હો, એ વસ્તુ એમની ઉપર ઠોકી ન બેસાડવી.

એમને કદી ધમકાવશો નહિ. હંમેશાં સમજવાનો પ્રયત્ન કરો અને જો કોઈ બાળક તૈયાર હોય તો એને સમજાવો. જો તમે પોતે તૈયાર હો પણ એ બાળક પોતે સમજવા માટે તૈયાર ન હોય તો, જે આંદોલન ખોટું હોય તેને બદલે ખરું આંદોલન ઉપજાવો. પરંતુ આ બધું તો.... શિક્ષકોમાં જે પ્રકારની પૂર્ણતાની અપેક્ષા રાખી શકાય તેથી ઘણું વધારે છે.

પરંતુ શિક્ષકો માટે આ પ્રકારનો કાર્યક્રમ અને અભ્યાસ માટેનો કાર્યક્રમ ઘડી કાઢવો અત્યંત રસદાયક બનશે. અને એની શરૂઆત છેક પાયાથી કરવી. એ કાર્યક્રમ એવો નમનીય હોવો જોઈએ કે એના ઉપર પડતા પ્રભાવોને એ ઊંડાણમાંથી ગ્રહણ કરી શકે. એ લોકો જ્યારે સાવ નાનાં હોય ત્યારે એમને સત્યનાં થોડાંક બિંદુઓ આપશો તો તેઓ જેમ જેમ મોટાં થતાં જશે તેમ તેમ તદ્દન સ્વાભાવિક રીતે ખીલી ઊઠશે. અને એક સુંદર કાર્ય બનશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૨ પૃ. ૪૧૭)

*

*વ્યક્તિ બાળકોને માનસશાસ્ત્રીય રીતે ત્યારે નિયંત્રણમાં રાખી શકે જ્યારે એ વ્યક્તિ પોતાની પ્રકૃતિ ઉપર નિયંત્રણ ધરાવતી હોય.*

(CWM 12 : 193)

## શિસ્ત અને સ્વતંત્રતા

શિસ્ત વિના કોઈ મહાન સર્જન શક્ય નથી

વ્યક્તિગત શિસ્ત.

સમૂહગત શિસ્ત.

પ્રભુ પ્રત્યે શિસ્ત.

પ્રશ્ન : શ્રી માતાજી, જ્યારે વર્ગમાં કોઈ બાળક શિસ્તનું પાલન કરવાને ઇનકાર કરે ત્યારે શું કરવું ?

ઉત્તર : સામાન્ય રીતે કહીએ તો, બાર વર્ષની ઉંમર ઉપરનાં સર્વે બાળકોને શિસ્તની જરૂર હોય છે.

*

### વિદ્યાર્થીઓની પ્રાર્થના*

અમારી અભીપ્સા વીર યોદ્ધા બનવાની છે. અમને તેવા બનાવો. જે ભૂતકાળ હજી ટકી રહેવા મથામણ કરી રહ્યો છે તેની સામે અમે યુદ્ધ કરી વિજયી બનવા માગીએ છીએ કે જેથી, એ મહાયુદ્ધને પરિણામે જે ભાવિનો જન્મ થવાનો છે તે બની આવે, એમાંથી પછી નવીન વસ્તુઓનો આવિર્ભાવ થાય અને અમે એમને ઝીલી શકીએ.

(૬ જાન્યુઆરી ૧૯૫૨)

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૨ : પૃ. ૧૩૮)

* શ્રી અરવિન્દ આંતરરાષ્ટ્રિય યુનિવર્સિટી કેન્દ્રના ઉદ્‌ઘાટન સમયે અપાયેલી.

## રમતગમતોનું મૂલ્ય

**પ્રશ્ન :** માતાજી, રમતગમતોની હરીફાઈઓ આપણી પ્રગતિ માટે જરૂરી છે ?

નૈતિક કેળવણીની દૃષ્ટિએ તે આવશ્યક છે. કારણ કે જો માણસ સાચી ભાવનાથી તેમાં ભાગ લે, તો અહંતા પર પ્રભુત્વ મેળવવા માટે તે એક ઘણી સુંદર તક છે. જો પોતાની નબળાઈઓ અને નિમ્નતર ગતિઓ પર વિજય મેળવવાનો પ્રયત્ન કર્યા સિવાય માણસ તેમાં ભાગ લે તો તેને તેમાંથી કશો લાભ પ્રાપ્ત થતો નથી. પણ જો સાચી ભાવનાથી રમતગમતોની હરીફાઈમાં માણસ ભાગ લે, તેમાં નિમ્નતર ગતિને—અદેખાઈને મહત્ત્વાકાંક્ષાને ઘૂસી જવા ન દે, ખેલદિલીનું વલણ અપનાવે, યથાશક્તિ પ્રયાસ કરે અને પરિણામની દરકાર ન રાખે, નિષ્ફળતાથી વિક્ષિપ્ત ન બની જાય, તો તે હરીફાઈઓ બહુ ઉપયોગી નીવડે. તેમાં તે રીતે ભાગ લેવાથી માણસમાં વધારે આત્મસંયમ અને પરિણામો પ્રત્યે અનાસક્તિ આવે, જે ઉચ્ચ ચારિત્ર્યના નિર્માણમાં ખૂબ મદદગાર છે. સ્વાભાવિક રીતે જ, જો તમે તે સામાન્ય રીતે જ કરો, સામાન્ય પ્રતિકાર્યો અને વરવી ગતિઓ સાથે કરો, તો તે જરા પણ મદદગાર ન નીવડે. પણ તે વાત માત્ર રમતગમતોને જ લાગુ નથી પડતી. બૌદ્ધિક ક્ષેત્રમાં પણ જો તમે સામાન્ય રીતે જ કામ કરો, તો તે સમયનો બગાડ છે. પણ રમતગમતોની હરીફાઈઓમાં અથવા ટુર્નામેન્ટોમાં તમે સાચી ભાવનાથી ભાગ લો, તો તે એક બહુ સુંદર કેળવણી છે. કારણ કે તેમાં તમારે એક ખાસ પ્રયાસ કરવો પડે છે. તમારી સામાન્ય મર્યાદાઓને ઓળંગી જવી પડે છે, તમારી ઘણી ગતિઓને સભાન બનાવવા માટે તે ચોક્કસ એક તક પૂરી પાડે છે, કે જે ગતિઓ નહિ તો અભાન રહી ગઈ હોત.

પણ તમારે એ ભૂલી જવું ન જોઈએ કે આ એક તક છે, પ્રગતિ માટેનું સાધન છે. જો તમે સામાન્ય રીતે જ તેમાં ભાગ લો, તો તે સમયનો બગાડ છે, પણ તે માત્ર રમતગમતોને જ નહિ, પણ દરેક વસ્તુને લાગુ પડે છે. દા.ત. અભ્યાસને, દરેક વસ્તુ તે જે રીતે કરવામાં આવે છે તેના પર આધાર રાખે છે; માણસ જે કરે છે તેના પર નહિ. પણ કઈ ભાવનાથી તે કરે છે તેના પર.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૯ પૃ. ૯૪-૯૫)

*

## તર્કશક્તિનો ઉપયોગ

આમ ન બને તેટલા માટે, તમારું મસ્તિષ્ક જ્યારે રચાતું હોય છે ત્યારે તમને કહેવામાં આવે છે કે એવી ટેવો વડે અને ગુણો વડે તમારા મસ્તિષ્કને રચાવા દેવાને બદલે તેમાં થોડીક નિશ્ચિતતા, ચોક્કસતા, એકાગ્રતાની શક્તિ, પસંદગી કરવાની—નિર્ણય કરવાની—વસ્તુઓને વ્યવસ્થિત કરવાની શક્તિ મૂકી આપવા માટે પ્રયત્ન કરો, તમારી તર્ક-બુદ્ધિનો ઉપયોગ કરો.

અલબત્ત, એ તો સુસ્પષ્ટ છે કે તર્ક-બુદ્ધિ માનવની પરમ શક્તિ નથી. તેનાથી પર જવાનું હોય છે, પણ જો તમારામાં તર્ક-બુદ્ધિ નહિ હોય, તો તમે તદ્દન અ-સુસંગત જીવન જીવશો, તાર્કિક રીતે કેવી રીતે વર્તવું તેની પણ તમને ખબર નહિ પડે. નાનામાં નાની વસ્તુ તમને તદ્દન અસ્વસ્થ બનાવી મૂકશે, તે અસ્વસ્થતાને શા માટે અને કેવી રીત દૂર કરવી તે પણ તમે નહિ

જાણી શકો. પણ જેણે પોતામાં સક્રિય, સ્પષ્ટ તર્કબુદ્ધિને સ્થાપિત કરી હશે, તે માણસ દરેક પ્રકારનાં આક્રમણોનો,લાગણીનાં આક્રમણોનો અથવા સર્વ મુશ્કેલીઓનો સામનો કરી શકશે. જીવન તો અણગમતી વસ્તુઓનું, ગૂંચવાડાઓનું ભરેલું હોય છે. તે મુશ્કેલીઓ નાની હોય છે, પણ તે માણસના પ્રમાણમાં તેને તે બહુ મોટી લાગતી હોય છે. તર્ક-બુદ્ધિ જરાક અલગ ઊભી રહીને તે મુશ્કેલીઓનું નિરીક્ષણ કરે છે, સ્મિત કરે છે, અને કહે છે કે ના, ના, આવી આની વસ્તુથી ગભરાઈ જઈને હોહા કરવાની કશી જરૂર નથી.

જો તમારામાં તર્ક-બુદ્ધિ નહિ હોય, તો તમે તોફાની સમુદ્ર પરના બૂચ જેવા બની જશો. બૂચને તે સ્થિતિથી દુઃખ થાય છે કે નહિ તે હું જાણતી નથી, પણ તેની સ્થિતિ સુખમય તો ન જ કહેવાય.

આ વાત મેં તમને અનેક વાર કહી છે; તે જ વાત હું હજી પણ તમને અનેક વાર કહેવા તૈયાર છું. એ કહ્યા પછી, હું તમને પસંદગી કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપું છું કે તમારે તોફાની સમુદ્ર પરના બૂચ બનવું છે કે સ્પષ્ટ નિશ્ચિત દર્શનને તથા વસ્તુઓના પૂરતા જ્ઞાનને પ્રાપ્ત કરીને આગળ વધવું છે — તમારે જ્યાં જવું હોય ત્યાં.

કારણ કે પસંદ કરાયેલા માર્ગમાં આગળ વધી શકવા માટે પણ સ્પષ્ટતા અનિવાર્ય છે.

**હું એમ જરા પણ નથી ઇચ્છતી કે તમે બધા વિદ્વાનો, પંડિતો બનો ! કારણ કે તેથી માણસ બીજે છેડે ચાલ્યો જતો હોય છે. પોતાના મસ્તિષ્કમાં તે એટલી બધી વસ્તુઓ ઠાંસી-ઠાંસીને ભરતો હોય છે કે પછી તેમાં ઉચ્ચતર પ્રકાશ માટે ખાલી જગ્યા રહેલી હોતી નથી.** પણ તોફાની સમુદ્ર પરના બૂચ ન બની જવાય તે માટે થોડી-ઘણી તર્ક-બુદ્ધિ અનિવાર્ય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૮ પૃ. ૧૬૯-૧૭૦)

*

## કોર્સ પૂરો કરવા વિશે

બાળક : શાળામાં એવું બને છે કે એક જ વર્ષમાં અમુક કોર્સ અમારે પૂરો કરવાનો હોય છે. એટલે કેટલીક વાર અમારે જરા ઝડપ કરવી પડે છે. અમે અમુક પ્રશ્નને બરાબર સમજ્યા હોઈએ છીએ તે પહેલાં તો અમારે બીજું પ્રકરણ ભણવાનું આવે એમ પણ બને છે.


શ્રી માતાજી : એ વાતમાં તો બેટા, હું તારી સાથે પૂર્ણપણે સંમત છું, એ કાંઈ બરાબર નથી. પરંતુ આપણે એમાં ફેરફાર કરવા પ્રયત્ન કરીશું; કારણ કે આખરે મને એ સમજાતું નથી કે આપણે એક વર્ષમાં એક પુસ્તક પૂરું કરવું જ જોઈએ એવું શાથી ? એ તો તદ્દન આડેધડે ગોઠવેલી વાત છે. આપણે એક પ્રકરણ બરાબર સમજીએ પછી જ એને છોડીને બીજું હાથ ઉપર લેવું જોઈએ અને એ જ રીતે આગળ ચાલવું જોઈએ. અને જો એક પ્રકરણ પૂરું કરવામાં આવ્યું હોય તો હકીકતમાં તે પૂરું થઈ ગયેલું જ હોવું જોઈએ અને એ જો પૂરું ન થયેલું હોય તો પછી પૂરું નથી થયું એમ જ ગણાવું જોઈએ.

સાચી વાત એ છે કે, શિક્ષકે કોઇ પાઠ્યપુસ્તકને આધારે તેનો કોર્સ પૂરો કરવાને બદલે પોતે

જ કોર્સ તૈયાર કરવો જોઈએ. એની પાસે પૂરતું જ્ઞાન હોવું જોઈએ અને દરરોજ પોતાનો કોર્સ તેયાર કરવા માટે તેણે પૂરતા પ્રમાણમાં મહેનત કરવી જોઈએ, અને જો તે એમ કરશે તો, પછી એ અમુક વિષયને ત્યારે જ બંધ કરશે – હું એમ તો નથી કહેતી કે જ્યારે બધાં જ એને સમજી ગયાં હોય, એમ બનવું અશક્ય છે – જ્યારે, એના વર્ગનાં રસ લેતાં બધાં બાળકોને એમાં સમજણ પડી ગઈ હોય ત્યારે પછી, પછીનો વિષય હાથ ધરવામાં આવે છે. અને જો વસ્તુઓ એ રીતે ચાલે, અને એમ કરવામાં કોઈ અમુક વિષય એકને બદલે બે વર્ષ લંબાય અથવા દોઢ વર્ષ લંબાય તો, એમાં કાંઈ બગડી જતું નથી. કારણ કે એ વસ્તુ એની પોતાની રચના હોય છે, એણે પોતે જ પોતાનો પાઠ્યક્રમ લખેલો હોય છે અને એણે એ પોતાના વર્ગની જરૂરિયાત પ્રમાણે લખેલો હોય છે. યોગ્ય શિક્ષણ વિશેનો મારો ખ્યાલ એવો છે કે, જો કે એમ કરવામાં થોડી મુશ્કેલીઓ રહે છે. પરંતુ વસ્તુઓ સાચી રીતે કરવી હોય તો પછી ખરો રસ્તો એ જ છે, કારણ કે કોઈ એક પુસ્તક લઈને તેનું અનુસરણ કરવાને બદલે, જ્યારે ખાસ કરી એ પુસ્તક બાળકોને બરાબર માફક આવે તેવું ન હોય ત્યારે.... હું એમ નથી કહેતી કે કોઈ અમુક અમુક પાઠ્યક્રમ બધાને માફક આવે જ. બધાને સંતોષ આપવો તો અશક્ય છે. પરંતુ એવા કેટલાક લોકો હોય છે જેઓ પોતે પ્રયત્ન કરવા માગતા હોય છે અને તમારે ધ્યાન પણ એમના પ્રત્યે આપવું જોઈએ. જેઓ આળસુ હોય, અર્ધજાગ્રત સરખા હોય, અથવા જડસુ હોય એમને તો તમારે એમની આળસ, તંદ્રા અને જડસુવેડા ઉપર છોડી દેવા જોઈએ. જો તેઓ તેમની આખી જિંદગી ઊંઘવા જ માગતા હોય તો ભલે, કોઈ આવીને તેમને ઢંઢોળીને જગાડે નહિ ત્યાં સુધી ઊંઘવા દો ! પરંતુ કોઈ પણ વર્ગમાં રસ પડે તેવી વસ્તુ તો જે ભાગના વિદ્યાર્થીઓ ભણવા માગતા હોય છે, જેઓને ખરેખર શીખવાની ઇચ્છા હોય છે તેઓ હોય છે અને વર્ગ પણ તેમને માટે જ બનાવવા જોઈએ. અત્યારની શિક્ષણપદ્ધતિ તમામ વ્યક્તિઓને એક જ સ્તરે સમતલ કરવાની રીતની છે. જેમનાં માથાં ઊંચાં હોય છે તેમને કાપી નાખવામાં આવે છે, અને જેમનાં ખૂબ નાનાં હોય છે તેમને નીચેથી ઉપર ખેંચવામાં આવે છે. પરંતુ એમાંથી કાંઈ સારું પરિણામ આવતું નથી. આપણે તો જેઓ ઉપર આવતા હોય તેમની સાથે જ સંબંધ રાખવો જોઈએ, બીજા તો તેમનાથી જેટલું બનશે તેટલું ગ્રહણ કરશે. અને ખરેખર એકની એક વસ્તુ બધાએ જાણવી જોઈએ એવું મને જરૂરી પણ લાગતું નથી – કારણ કે એમ બનવું કુદરતી નથી. પરંતુ જેમને જ્ઞાન પામવાની ઇચ્છા છે અને જેઓ જ્ઞાન પામી શકે તેવા છે, જેઓને કામ કરવું છે, એ લોકોને કામ કરવા માટેનાં બધાં સાધનો આપવાં જોઈએ, એમને શક્ય તેટલા આગળ ધપાવવા જોઈએ, એમને હમેશાં નવો ખોરાક આપવો જોઈએ. એ લોકા ભૂખ્યા હોય છે, એમને ખવડાવવું જોઈએ.... આહ ! જો મને સમય હોત તો હું એક વર્ગ લેત. એ વસ્તુ કઈ રીતે કરવી તે બતાવવામાં મને ખૂબ રસ પડત. પણ આપણે એક સાથે સર્વ સ્થળે હોઈ શકતાં નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૫ પૃ. ૨૦૩-૨૦૪)

*



અ : માતાજી, સિદ્ધાંત રૂપે અમે એમ જ કરવા માગીએ છીએ — આવતી સાલથી બધાં જ બાળકોને તેમની માતૃભાષા અને સંસ્કૃત શીખવાડીશું.

હા. કેવળ પંડિતાઈ મેળવવા માટેનું સંસ્કૃત નહિ પણ એવું સંસ્કૃત, સંસ્કૃત — આને કઈ રીતે કહેવું — એવું સંસ્કૃત કે જેની દ્વારા, ભારતની અન્ય ભાષાઓનાં દ્વાર ખુલ્લાં થતાં હોય. હું ધારું છું કે એ અનિવાર્ય છે — આદર્શ એવો હોવો જોઈએ કે એક નવીનીકૃત સંસ્કૃત એ ભારતની પ્રતિનિધિરૂપ ભાષા બની રહે, એટલે કે, એ સંસ્કૃત એવી રીતે બોલાતું હોવું જોઈએ — ભારતની સર્વ ભાષાઓની પાછળ સંસ્કૃત છે અને એ એમ જ હોવું જોઈએ.

*

એટલે હું અહીં સરળ સંસ્કૃત શીખવવામાં આવે તેમ ઇચ્છું છું. બને તેટલું સરળ. પણ ''સરલીકૃત'' નહિ — ફક્ત એના મૂળમાં જઈને. આ બધા ધ્વનિઓ, ધાતુઓના ધ્વનિઓ કે જેમાંથી પાછળથી શબ્દો બનેલા છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૨ પૃ. ૪૨૫-૪૨૬)

# આત્મા-આધારિત કેળવણી

તમારે તમારી પ્રગતિનું મંડાણ કરવા માટે જો કોઈ જ્ઞાન કે કોઈ સિદ્ધાંત જોઈતો હશે તો એવું તમને કદી મળી શકવાનું નથી. અથવા વધારે ચોક્કસ રીતે કહીએ તો તમને કોઈ જુદી જ વસ્તુ મળી આવશે; કેમ કે તમારી પાસે જે ઉપદેશ મૂકવામાં આવશે તે આસપાસની આબોહવા મુજબ, ત્યાંના એ સમય મુજબ, ત્યાંની સંસ્કૃતિ મુજબ, સાવ ઊલટાસૂલટી પ્રકારનો હશે. તમને જ્યારે કહેવામાં આવશે કે, 'પેલી, પેલી વસ્તુ સારી છે.' ત્યારે બીજું કોઈ કહેશે કે : 'એ, એ વસ્તુ ખરાબ છે.' અને એની પાછળ પેલાના જેવી જ તર્કસરણી, એવી જ સમજાવી શકનારી શક્તિ કામ કરતી જોવામાં આવશે. એટલે તમે તમારું પોતાનું મંડાણ આવી કોઈ વસ્તુ ઉપર કરી શકવાના નથી. ધર્મોના પંથોએ હમેશાં એ દૃઢ સિદ્ધાંત સ્થાપવાનો પ્રયત્ન કરેલો છે. એ તમને કહેશે કે તમે જો આ સિદ્ધાંત મુજબ કામ કરશો તો તમે સત્યમાં છો. તમે જો એમ નહિ કરો, તો તમે અસત્યમાં છો. પણ આમાંથી ક્યાંય કદી પહોંચાયું નથી.

*

માત્ર એક જ સાચો માર્ગદર્શક છે : અંદરનો માર્ગદર્શક અને તે માનસિક ચેતનામાં થઈ પસાર થતો નથી.

એ તો કુદરતી છે કે બાળકને જો કોઈ ભયંકર વિપરીત કેળવણી મળી હોય છે તો તે તેની અંદર રહેલી આ નાનકડી સાચી વસ્તુને બુઝાવી દેવાનો વધુને વધુ પ્રયત્ન કરશે અને એ કરવામાં તે કેટલીક વાર એટલો તો સરસ રીતે સફળ થાય છે કે એ પેલી વસ્તુ સાથેનો તમામ સંપર્ક ગુમાવી દે છે અને સાથે સાથે શુભ અને અશુભ વચ્ચેનો વિવેક કરવાની શક્તિ પણ ગુમાવી દે છે. એટલે જ હું એ વસ્તુ ઉપર ભાર મૂકું છું અને કહું છું કે બાળકોને છેક નાની ઉંમરથી એ વસ્તુ શીખવવી જોઈએ કે અંદરની બાજુએ એક વાસ્તવિકતા રહેલી છે — તેમની પોતાની અંદર, વિશ્વની અંદર, અને બાળક પોતે, આ પૃથ્વી અને આ વિશ્વ આ સત્યની એક ક્રિયા રૂપે જ અસ્તિત્વમાં રહેલાં છે. અને એ સત્ય જો અસ્તિત્વમાં નહિ રહેશે, તો એનું અસ્તિત્વ પણ, જે થોડો સમય એ અસ્તિત્વમાં રહે છે તેટલો વખત પણ નહિ રહેશે અને દરેક વસ્તુનું સર્જન થશે કે તરત જ તે ઓગળી જશે. અને વિશ્વનો પાયો આ જ સત્ય ઉપર વ્યવહારુ રીતે મંડાયેલો છે. એટલે કુદરતી રીતે એ સત્ય જ વિજયી બનવાનું છે અને જે જે કાંઈ એનો વિરોધ કરનારું હશે, તે એ સત્યના જેટલું તો ટકી શકશે નહિ જ, કેમ કે વિશ્વના પાયામાં રહેલી વસ્તુ તો, શાશ્વત વસ્તુ તો, એ છે — तत् । (શ્રી માતૃવાણી ગ્રંથ : ૪ પૃ. ૨૯-૩૦)

*

**બાળકો પોતાની જાતને જાણતા થાય એ શીખવવું**

તમારે એક વસ્તુ ખૂબ ખંત-પૂર્વક કરવાની છે, અને તે બાળકો પોતાની જાતને જાણે તથા

પોતાના માર્ગની પસંદગી કરે — ભવિતવ્યતાની પસંદગી કરી શકે તેવું ભણાવવાની. બાળકો પોતાની જાતનું નિરીક્ષણ કરે, પોતાની જાતને સમજે અને પોતે જે બનવું હોય તે માટે સંકલ્પ કરી શકે — તેવું તેમને ભણાવવાની જરૂર છે. ભૂતકાળમાં પૃથ્વી પર શું બની ગયું હતું અથવા પૃથ્વીની રચના કેવી રીતે થઈ હતી તેને વિશે, અથવા જગતમાં સામાન્ય જીવન કેવી રીતે જીવવું, કારણ કે તે તમે નહિ જાણતા હો તો ગમે તે માણસ બૌદ્ધિક રીતે તરત તમને મૂર્ખ ગણી દબાવી દેશે — આ બધું ભણાવવા કરતાં બાળક પોતાની જાતને ઓળખે અને પોતે જે બનવું હોય તે માટે સંકલ્પ કરી શકે તે ભણાવવું એ અનંત-ગણું વધારે મહત્ત્વનું છે.

પણ છતાંય, ગમે તે ઉમ્મરે તમે અભ્યાસ-પરાયણ હશો અને તે કરવાનો સંકલ્પ કરશો, તો તમે પુસ્તકો લઈને કામ કરી શકશો; તે માટે તમારે શાળામાં જવાની જરૂર નથી. વસ્તુઓ શીખવાડવા માટે જગતમાં અનેક પુસ્તકો છે. અરે, જરૂર કરતાં પણ જગતમાં વધારે પુસ્તકો છે. માત્ર મેઘાનંદની લાયબ્રેરીમાં જઈને તમે બધા વિષયોનો અભ્યાસ કરી શકો છો. ત્યાં તમને પૂરતી માહિતી મળી રહેશે ! (અભિનય)

પણ તમારે શું જોઈએ છે તે જાણવાની વસ્તુ વધારે અગત્યની છે. તેને માટે થોડી સ્વતંત્રતાની જરૂર છે. તમારે માટે કોઈ વસ્તુ ફરજિયાત ન બનવી જોઈએ. તમારામાં પૂરા હૃદયથી તે વસ્તુ કરવાની તાકાત હોવી જોઈએ. જો તમે આળસુ હશો, તો તેનાં માઠાં પરિણામ તમારે ભોગવવાં પડશે. તમે જાણો છો કે જીવનમાં આળસુ લોકોને બીજાઓ કરતાં દશ-ગણું વૈતરું કરવાની ફરજ પડતી હોય છે. કારણ કે તેઓ દરેક કામ ખરાબ રીતે કરતા હોય છે અને તેથી તેમને તે કામ ફરી કરવાની જરૂર ઊભી થતી હોય છે. પણ માણસ આ વસ્તુઓ અનુભવથી શીખતો હોય છે, તે તમારામાં મૂકી આપી શકાતી નથી. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૮ પૃ. ૧૬૭-૬૮)

*

## મનને કાબૂમાં રાખતા શીખવું

કાબૂમાં ન રખાયેલું મન આનાકાનીવાળું અને અનિશ્ચિત હોય છે. જો માણસને કોઈક વસ્તુ પર મનને એકાગ્ર કરવાની ટેવ ન હોય, તો તે મન હર-ક્ષણે ભટકતું રહેતું હોય છે. હર-ક્ષણે, અટક્યા સિવાય, તે અનિશ્ચિતતાની દુનિયામાં ભ્રમણ કરતું જ રહે છે. જ્યારે માણસ એકાગ્રતા કરવા માગે છે, ત્યારે તે મનને તે ગમતું હોતું નથી ! પ્રયત્ન કરતી વખતે માણસને ત્યારે લાગતું હોય છે કે ઓહ, આ તો બહુ કંટાળો આપે તેવી વસ્તુ છે, તેથી મન દુઃખી બની જાય છે. એટલે માણસ એકાગ્રતા કરતો હોતો નથી, તે વાદળમાં બાચકા ભરતો જીવે છે. તમારું મસ્તિષ્ક વાદળ જેવું છે — ઘણાખરા લોકોનું મન વાદળ જેવું જ હોય છે. તેમાં કશી નિશ્ચિતતા—ચોક્કસતા — સ્પષ્ટતા નથી હોતી, તે ધૂંધળું હોય છે, અસ્પષ્ટ હોય છે. તમારી પાસે વસ્તુઓની છાપ હોય છે, જ્ઞાન નહિ. તમે 'લગભગ'માં —'આશરે'માં જીવતા હો છો. તમારામાં અનેક પ્રકારના પરસ્પર વિરોધી વિચારો હોય છે, જે છાપોના ઇન્દ્રિય — સંસ્કારોના — લાગણીઓના બનેલા હોય છે, જેમને વિચારો સાથે કશો સંબંધ હોતો નથી, જે માત્ર અસ્પષ્ટ પરિભ્રમણો હોય છે.

જો તમારે કોઈ પણ વિષય પર નિશ્ચિત, સઘન, સ્પષ્ટ, ચોક્કસ વિચાર પ્રાપ્ત કરવામાં સફળતા મેળવવી હોય, તો તમારે પ્રયત્ન કરવો જોઈએ, તમારી જાતને એકત્રિત કરી લેવી જોઈએ, તમારી જાતને દઢતાપૂર્વક પકડમાં લેવી જોઈએ, એકાગ્રતા કરવી જોઈએ. પહેલી વખત તેવો પ્રયત્ન સાચે જ દુઃખદાયી લાગે છે, કંટાળાજનક લાગે છે ! પણ જો તમે તેની ટેવ નહિ પાડો તો તમારું સમગ્ર જીવન તમે અનિશ્ચિતતામાં જ ગાળશો. પછી જ્યારે તમારે વ્યવહારુ વસ્તુઓમાં પડવાનું આવશે, જ્યારે તમારે ખૂબ વ્યવહારમય સમસ્યાઓનો ઉકેલ કરવાનો પ્રસંગ આવશે — માણસને ગમે કે ન ગમે, પણ જીવનમાં દરેક માટે સમસ્યાઓ તો ઊભી થતી જ હોય છે —, ત્યારે તે સમસ્યાનાં સર્વ તત્ત્વોનો દરેક બાજુએથી વિચાર કરવાને બદલે, તેની ઊર્ધ્વમાં જઈ તેનો ઉકેલ જોઈ શકવાને બદલે, તમે અનિશ્ચિતતાના અને અસ્પષ્ટતાના વમળમાં આમથી તેમ ફેંકાઈ જશો, તમારા મસ્તિષ્કમાં અનેક કરોળિયા દોડંદોડા કરતા હશે પણ તમે તે પ્રશ્નના સાચા ઉકેલને પકડવામાં નિષ્ફળ જશો.

હું તદ્દન સાદી સમસ્યાની વાત કરી રહી છું, જગતના અથવા માનવજાતિના ભાવિનો નિર્ણય કરવાની નહિ, અરે દેશના ભાવિનો નિર્ણય કરવાની પણ નહિ. હું તમારા દૈનિક જીવનની સમસ્યાની વાત કરી રહી છું. તેવા અનિશ્ચિત લોકો રૂ જેવા, રેશમ જેવા, ખૂબ પોચા બની જતા હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૮ પૃ. ૧૬૮-૬૯)

*

## આંતર સત્ય વિશે સભાન બનવું

બાળક : આ આંતરિક સત્ય વિશે બાળક મોટા માણસની માફક સભાન થઈ શકે ખરું ?

શ્રી માતાજી : બાળકને માટે તો આ ઘણું જ સ્પષ્ટ હોય છે, કારણ કે આ વસ્તુ એને વિચાર કે શબ્દના કોઈ ગૂંચવાડા વિના જ દેખાઈ આવતી હોય છે — એ કોઈક વસ્તુ એવી હોય છે જે તેને આરામમાં મૂકી આપતી હોય છે, તો વળી બીજી કોઈક વસ્તુ એવી પણ હોય છે કે જે તેને બેચેની, ગભરામણ કરાવતી હોય છે — એ હમેશાં આનંદ કે શોકનું રૂપ જ લે એમ બનતું નથી. એ વસ્તુ જ્યારે ઘણી તીવ્ર રીતે બનતી હોય છે ત્યારે જ તે આનંદ કે શોકનું રૂપ લેતી હોય છે. અને આ બધું મોટા માણસ કરતાં બાળકમાં વધારે સ્પષ્ટ રીતે આકાર લેતું હોય છે, કેમ કે મોટા માણસમાં તો હમેશાં એક મન કામ કરતું હોય છે અને સત્ય વિશેના તેના દર્શનને તે ઢાંકી દેતું હોય છે.

બાળકને સિદ્ધાંતો આપવા એનો કશો જ અર્થ નથી, કેમ કે બાળકમાં જ્યારે મન જાગૃત થશે ત્યાર પછી તમારા સિદ્ધાંતોનો વિરોધ કરવાના તેને હજારો કારણો મળી આવશે. અને એમાં તેની વાત સાચી હશે. બાળકમાં રહેલી આ નાનકડી સત્ય વસ્તુ તે ચૈત્ય પુરુષમાં રહેતી પ્રભુની દિવ્ય હાજરી છે — એ હાજરી વનસ્પતિમાં અને પ્રાણીઓમાં પણ રહેલી છે. વનસ્પતિમાં એ હાજરી સભાન હોતી નથી, પ્રાણીમાં તે સભાન બનવાની શરૂઆત કરે છે. અને બાળકમાં તે બહુ જ સભાન હોય છે. મેં એવાં બાળકો જોયાં છે કે જે ચૌદ વરસની ઉંમર કરતાં પાંચ વર્ષની

વયે પોતાના ચૈત્ય પુરુષ વિશે વધારે સભાન હતાં. ખાસ કરીને તો બાળકો જ્યારથી નિશાળે જવાનું શરૂ કરે છે અને ખૂબ તીવ્ર રીતની માનસિક કેળવણી લેવા માંડે છે ત્યારથી તેમનું ધ્યાન તેમનામાં રહેલા બૌદ્ધિક ભાગ તરફ દોરાય છે અને તેઓ લગભગ હમેશાં પોતાના ચૈત્ય પુરુષ સાથેનો સંપર્ક ખોઈ બેસે છે.

તમે જો એક અનુભવી અવલોકનકાર હશો, માણસની માત્ર આંખ જોઈને તેનામાં શું થઈ રહ્યું છે તે જો તમે સમજી શકો તેમ હશો તો ! ... કહેવાય છે કે આંખ એ આત્માનું દર્પણ છે, કહેવાની આ એક પ્રચલિત રીત છે. પણ માણસની આંખો એ ચૈત્ય પુરુષને વ્યક્ત નથી કરતી હોતી તો તેનું કારણ એ હોય છે કે એ બધું જ પાછળના ભાગમાં હોય છે, ઘણી ઘણી વસ્તુઓથી તે ઢંકાઈ ગયેલો હોય છે. તમે બાળકોની આંખોમાં કાળજીપૂર્વક જોશો તો ત્યાં તમને એક પ્રકારનો પ્રકાશ દેખાશે — લોકો એને નિખાલસતા કહે છે — પણ તે ખૂબ જ સાચો હોય છે, ખૂબ જ સાચો અને જગતને આશ્ચર્યપૂર્વક જોતો હોય છે. તો આ જે આશ્ચર્ય છે તે ચૈત્ય પુરુષનું આશ્ચર્ય હોય છે, એ ચૈત્ય પુરુષ સત્યને જોતો હોય છે પણ જગતને બહુ સમજતો હોતો નથી. કારણ કે એ જગતથી બહુ દૂર દૂર હોય છે. બાળકોમાં એ રીતની આશ્ચર્યની લાગણી હોય છે. પણ એ જેમ જેમ ભણતાં જાય છે, વધુને વધુ બુદ્ધિશાળી થતાં જાય છે, વધારે કેળવાતાં જાય છે, તેમ તેમ પેલી વસ્તુ ઝાંખી થઈ જાય છે અને એમની આંખોમાં તમને અનેક વસ્તુઓ દેખાય છે : વિચારો, ઇચ્છાઓ, આવેશો, દુષ્ટતા, વગેરે પણ પેલી એક જાતની નાનકડી અતિશય વિશુદ્ધ જ્યોતિ હવે ત્યાં હોતી નથી. અને તમે ખાતરીથી એમ કહી શકશો કે ત્યાં હવે મન આવી ગયેલું છે અને ચૈત્ય પુરુષ ખૂબ ખૂબ પાછળ ચાલ્યો ગયો છે.

કોઈ બાળકનું મગજ વસ્તુઓને સમજવા જેવું વિકાસ ન પામ્યું હોય તોપણ તમે જો એના તરફ માત્ર એક રક્ષણનું કે પ્રેમનું કે માયાળુતા કે આશ્વાસનનું આંદોલન વહેતું મૂકશો તો તમને તે જવાબ આપતું દેખાશે. પણ તમે જો એક ચૌદ વર્ષનો છોકરો લેશો, દાખલા તરીકે, જે કૉલેજમાં ભણતો હોય અને જેનાં માબાપ સામાન્ય રીતનાં હોય અને જેને જીવનમાં ખરાબ અનુભવો મળ્યા હોય, તો તેનું મન ખૂબ જ આગળ આવી ગયું હોય છે, એનામાં કંઈક કઠણ વસ્તુ આવી ગઈ હોય છે, ચૈત્ય પુરુષ પાછળ ચાલ્યો ગયો હોય છે. એવા છોકરાઓ આવા કોઈ આંદોલનને જવાબ વાળતા નથી. આપણને એમ કહેવાનું મન થાય છે કે એ લાકડાના કે પ્લાસ્ટરના બનાવેલા હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૪ પૃ. ૩૧-૩૨)

*

*'માતાજી આપ થોડા શબ્દોમાં આપ જેને તત્ત્વતઃ 'સ્વતંત્ર પ્રગતિ' કહો છો તેની વ્યાખ્યા આપશો ?*

*જે પ્રગતિનું માર્ગદર્શન આત્મા દ્વારા થતું હોય, જે આદતો, રિવાજો કે પૂર્વધારિત વિચારો પર આધાર ન રાખતી હોય એ કહેવાય : સ્વતંત્ર પ્રગતિ.*
(CWM 12 : 172)

# દૈનિક જીવનની શાળા

બાળકને માટે સૌથી ઉત્તમ શાળા તો આપણું નિત્યનું, હર પળે જીવાતું જીવન જ છે. આ જીવનમાં કેટલીયે વિધવિધ વસ્તુઓ પડેલી છે, કેટલીયે સંકુલ, ગૂંચવણ ભરેલી વસ્તુઓ આવેલી છે. તેમાં અનેક અણધાર્યા અનુભવો મળી આવે છે, કેટલાયે પ્રશ્નો તમારી આગળ ઉકેલની રાહ જોતા ખડા હોય છે. જીવનમાં તમને કેટલાંયે પારદર્શક અને વેધક દૃષ્ટાંતો મળી આવે છે, કેટલાંયે નજરે દેખી શકાય તેવાં પરિણામો, પરિણામ-પરંપરાઓ જોવા મળે છે. આ બધા અંગે બાળકો અનેકાનેક પ્રશ્નો પૂછતાં રહે છે. બાળકના એ પ્રશ્નોને તમે જો સ્પષ્ટ રીતે અને બુદ્ધિપૂર્વક સમજાવી શકો તો બાળકની અંદર શુદ્ધ અને તંદુરસ્ત જિજ્ઞાસાવૃત્તિ ખીલવવી એ બહુ સહેલું કાર્ય બની રહે છે. બાળકના પ્રશ્નનો તમે જો રસિક જવાબ આપશો, તો તેમાંથી બાળક બીજા ઘણા પ્રશ્નો પૂછશે. અને આ રીતે બાળકનું ચિત્ત આકર્ષિત થતાં બાળક શાળાના બાંકડા પર બેસી ભણતું હોય છે તે કરતાંયે કેટલીયે વધુ વસ્તુઓ વિના પ્રયત્ને શીખી જાય છે. આ ઉપરાંત બાળકોને માટે તમે જો કાળજીપૂર્વક અને બુદ્ધિપૂર્વક અમુક પુસ્તકો પસંદ કરી આપશો તો તેમાંથી પણ બાળકમાં તંદુરસ્ત વાચન માટેનો એક રસ ખીલી શકશે અને બાળકને તેમાંથી જ્ઞાન અને આનંદ બંને મળી રહેશે. વળી, કોઈ પણ વસ્તુ જો બાળકની કલ્પનાને જાગૃત કરી તેને તૃપ્ત કરી શકતી હોય તો તેથી તમારે લેશ પણ ડરવાનું નથી. આ કલ્પનાશક્તિને લીધે જ બાળકનો અભ્યાસ એક જીવતી જાગતી વસ્તુ બની રહે છે અને મન આનંદનો અનુભવ કરતું કરતું આગળ વધે છે.

બાળકના મનની ચપલતા અને ગ્રહણશક્તિ વધારવા માટે આપણે તેને જુદા જુદા અને અનેક વિષયો આપીએ એટલું જ બસ નથી. એ માટે આપણે એક જ વિષયને જુદી જુદી રીતે વિચારી શકાય છે તે વાત પણ બાળકને બતાવવાની જરૂર છે. આમાંથી બાળકને એક વ્યવહારુ સમજ એ આવશે કે એક જ બૌદ્ધિક વિષયને જુદી જુદી રીતે જોઈ શકાય છે, અને જુદી જુદી રીતે તેનો વિચાર તેમ જ ઉકેલ કરી શકાય છે. આ રીતે બાળકના ચિત્તમાંથી તમામ રીતની જડતા ચાલી જશે, સાથે સાથે એનું ચિત્ત વધારે સમૃદ્ધ, વધારે ચપલ બનશે તેમ જ એક વધારે વ્યાપક અને સંકુલ એવો સમન્વય નિપજાવવાને તે તૈયાર થઈ શકશે. આ રીતની તાલીમમાંથી બાળકને એ વાતનો ખ્યાલ પણ આવી જશે કે માનસિક જ્ઞાન એ તો એક ઘણી જ સાપેક્ષ વસ્તુ છે અને ધીરે ધીરે જ્ઞાનનું સાચું મૂળ ક્યાં છે તે શોધવા માટેની અભીપ્સા તેનામાં જાગૃત થશે.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૨ - પૃ. ૩૧-૩૨)

# કેળવણી વિષયક સૂત્રો

બધાં બાળકોને એકસમાન રીતે દોરવાં એવો મારો મત નથી; એનાથી એકસમાન સ્તર તૈયાર થાય, જે પાછળ રહી ગયેલાં બાળકોના ફાયદામાં પરિણમે. પરંતુ જે બાળકો સામાન્ય ઊંચાઈથી ઊર્ધ્વે પહોંચી શકતાં હોય એમને માટે નુકસાનકારક બની રહે.

જે બાળકો કાર્ય કરવા તેમ જ શીખવા માગતાં હોય તેમને પ્રોત્સાહન અપાવું જ જોઈએ; પરંતુ જે બાળકો અભ્યાસ કરવાનું નાપસંદ કરતાં હોય તેમની ઊર્જાને અન્ય દિશામાં વાળવી જ જોઈએ.

*

બાળકને માત્ર સારા સારા શબ્દો કહેવા, ડાહી ડાહી શિખામણ આપવી એનો કશો જ અર્થ નથી. આપણે જે કહેતાં હોઈએ તેમાં રહેલું સત્ય જો આપણા જીવંત દૃષ્ટાંત દ્વારા આપણે બતાવી નહિ શકીએ તો પછી આપણા શબ્દોની કે શિખામણની કશી અસર પડતી નથી. સત્યનિષ્ઠા, પ્રમાણિકતા, નિખાલસતા, હિંમત, અનાસક્તિ, નિઃસ્વાર્થતા, ધીરજ, સહનશક્તિ, ખંત, શાંતિ, સ્વસ્થતા, આત્મ-સંયમ આ બધી વસ્તુઓ એવી છે કે તેમને શીખવવા માટે સુંદર શબ્દો કરતાં આપણું પોતાનું દૃષ્ટાંત જ અનેકગણું સારું કામ આપે છે.

*

બાળકને કદી ઠપકો ન આપશો. લોકો આવીને મારી સામે ફરિયાદ કરે છે કે હું માબાપોને વગોવું છું. પણ મેં માબાપોનો વ્યવહાર જોયો છે અને હું જાણું છું કે ૯૦ ટકા માબાપો એમની પાસે બાળક પોતાની ભૂલ આપોઆપ કબૂલ કરતું આવે છે ત્યારે તેને ધમકાવતાં હોય છે : 'તું તો મૂરખ છે, જતો રહે, મારે કામ છે.' તેઓ બાળકની વાત ધીરજપૂર્વક સાંભળતાં પણ નથી. તેમ જ એની ભૂલ શામાં થઈ છે, તેણે કઈ રીતે વર્તન કરવું જોઈતું હતું તે તેને સમજાવતાં નથી. અને જે બાળક ખૂબ જ સારા ભાવપૂર્વક માબાપ પાસે ગયું હોય છે તે 'મારી સાથે શા માટે આવું વર્તન કરવામાં આવે છે ?' એવી લાગણી લઈને ખૂબ દુઃખી થઈને પાછું ચાલ્યું જાય છે. પછી બાળક જુએ છે કે માબાપો સંપૂર્ણ નથી અને આવા પ્રસંગમાં તો એ વાત સાવ દેખીતી જ હોય છે. એ જુએ છે કે તમે ખોટા છો અને પોતાના મનમાં તે કહે છે : 'એ મને શા માટે ઠપકો આપે છે ? એ પણ મારા જેવા જ છે !'

*

બાળકોને પ્રેમ અને કરુણાના વાતાવરણમાં ભણાવવાં જોઈએ.

મારપીટ કદી નહિ.

ધમકાવવાનું કદી નહિ.

હમેશાં એક મૃદુ માયાળુપણું રાખવું. પોતાનાં બાળકો જે સદ્‌ગુણો અપનાવે એવી અપેક્ષા

હોય તેવા ગુણો શિક્ષકે સૌ પ્રથમ ગ્રહીને **એક જીવંત ઉદાહરણ** બની રહેવું.

બાળકોને શાળાએ જતાં ખુશી ઊપજવી જોઈએ. ભણવામાં ખુશી ઊપજવી જોઈએ. અને શિક્ષકે તેમના એક એવા ઉત્તમ મિત્ર થઈ રહેવું જોઈએ જે પોતે તેમણે અપનાવવા લાયક ગુણોનું જીવંત ઉદાહરણ હોય. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૨ પૃ. ૨૨૪)

*

હું જે સ્વતંત્રતાની વાત કરું છું તે એક એવા નિર્ભેળ સત્યની છે છે કે જે, નિમ્ન અને અજ્ઞાનમય સ્વરૂપની સર્વ પ્રકારની નિર્બળતાઓની ઉપરવટ થઈ શકે.

હું જે સ્વતંત્રતાની વાત કરું છું તે એક એવી સ્વતંત્રતા છે જેમાં તમે સર્વાંશે પોતાની જાતને હોમી દઈ શકો અને કશું પણ બાકી રાખ્યા વિના પોતાની ઉચ્ચતમ, ઉમદા અને સર્વોત્તમ દિવ્ય અભીપ્સા સિદ્ધ કરવામાં જ લાગી જાઓ.

તમારામાંથી કોણ આ માર્ગે સચ્ચાઈપૂર્વક આવે છે ? આમાં તુલના કરવી સહેલી છે પણ સમજવું મુશ્કેલ છે અને અનુસરણ કરવું સૌથી વધુ અઘરું છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૨ પૃ. ૪૦૨)

*

ભણતર પ્રત્યે હંમેશાં અને સર્વ સ્થળે શીખવામાં રસ જાગે, એ બાળકને આપી શકાય તેવી ઉત્તમ ભેટ છે.

*

પોતાની જાત વિશે જ્ઞાન મેળવતાં અને પોતાની જાત ઉપર કાબૂ રાખતાં શીખવું એ દરેક જીવંત સ્વરૂપની મોંઘી મૂડી છે. પોતાની જાતને જાણવી એટલે પોતાનાં કાર્યો અને પ્રતિકાર્યો પાછળના હેતુઓ વિશે, પોતાની અંદર જે કાંઈ બને છે તે કેમ અને કેવી રીતે બને છે તે વિશે જ્ઞાન પ્રાપ્ત કરવું, પોતાની જાત ઉપર કાબૂ રાખવો એટલે પોતે જે વસ્તુ કરવાનો નિર્ણય કર્યો હોય તે કરવી, એના સિવાય બીજું કાંઈ ન કરવું અને આવેગો, કામનાઓ કે તરંગો પ્રત્યે ધ્યાન ન આપવું અને તેમનું અનુસરણ ન કરવું.

એક નાના બાળકને નીતિના નિયમ શીખવવા એ કાંઈ આદર્શ વસ્તુ નથી. પરંતુ એમ કર્યા સિવાય ચલાવી લેવું પણ ઘણું મુશ્કેલ છે. જેમ જેમ બાળક મોટું થતું જાય તેમ તેમ તેને સર્વ નૈતિક અને સામાજિક નિયમોમાં રહેલી સાપેક્ષતા શીખવી શકાય, જેથી કરીને તે પોતાની અંદરથી જ એક ઊર્ધ્વતર અને વધુ સત્ય નિયમ શોધી શકે. જે લોકો માનવનિયમોનો અસ્વીકાર કરે છે અને પોતાના સ્વાતંત્ર્ય અને ''પોતાનુ જીવન પોતાની રીતે જીવવા''ના નિર્ણયની ઘોષણા કરે છે તેમાંના મોટા ભાગના લોકો કેવળ પોતાની પ્રાણમય ગતિઓને આધીન થઈને એમ કરે છે. એમને તે પોતાની નહિ તો બીજાની નજરથી સંતાડવા અને વાજબી ઠરાવવા પણ પ્રયત્ન કરે છે. એ લોકો નીતિમત્તાને લાત મારે છે કારણ કે એ વસ્તુ એમની અંધ પ્રેરણાઓને સંતોષવામાં આડે આવે છે.

જ્યાં સુધી તમે નૈતિક અને સામાજિક નિયમોની ઉપર પોતાનું સ્થાન લીધું ન હોય ત્યાં સુધી તેમની યોગ્યાયોગ્યતાની તુલના કરવાનો કોઈને અધિકાર નથી. આપણે એ નૈતિક અને સામાજિક નિયમોને બદલે કોઈ ઉચ્ચતર વસ્તુ સ્થાપી શકતા ન હોઈએ — જે કરવું સહેલું નથી — તો એથી એમનો ત્યાગ કરવો યોગ્ય નથી.

ગમે તે પ્રસંગે, જો કોઈ બાળકને ઉત્તમમાં ઉત્તમ ભેટ આપવાની હોય તો એ ભેટ તેને પોતાની જાતનું જ્ઞાન પામતાં શીખવવામાં અને પોતાની જાત ઉપર કાબૂ રાખતાં શીખવવામાં રહેલી હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૨ પૃ. ૧૯૩-૯૪)



શ્રી માતાજી - નાની વયે



*'' મધુર માતાજી, કોઈએ કોઈ બાળકને શિક્ષા કરવી જોઈએ ?''*

*શિક્ષા ! શિક્ષા શબ્દથી તમે શું કહેવા માગો છો ?*

*જો કોઈ બાળક વર્ગમાં કોલાહલ કરતું હોય અને બીજાઓના કામમાં વિક્ષેપ નાખતું હોય તો તમારે તેને યોગ્ય રીતે વર્તવા કહેવું જોઈએ. અને તેમ છતાં તે અટકે નહિ, તો તેને વર્ગની બહાર મોકલી આપવું જોઈએ. આ કોઈ શિક્ષા નથી, આ તો તેના કર્મનું સ્વાભાવિક પરિણામ છે. પરંતુ શિક્ષા કરવી ! શિક્ષા ! શિક્ષા કરવાનો તમને કોઈ અધિકાર નથી.*

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૨ પૃ. ૩૮૯)

# પરીક્ષાઓ

મને લાગે છે કે, વિદ્યાર્થીઓ બુદ્ધિશાળી છે કે નહિ, સંકલ્પબલ અને ધ્યાન આપવાની શક્તિવાળા છે કે નહિ તે જાણવા માટે પરીક્ષાઓ એ બિનઉપયોગી અને બિનઅસરકારક માર્ગ છે.

એક મૂર્ખ અને યાંત્રિક મન પણ, જો તેની સ્મરણશક્તિ સારી હોય છે તો પરીક્ષાના જવાબ આપી શકે છે અને એ વસ્તુ ભવિષ્યના માનવીને માટે જરૂરી ગુણો નથી એ વાત ચોક્કસ છે.

જૂની ટેવો પ્રત્યે સહનશીલતાને કારણે મેં એવી સંમતિ આપેલી કે જેમને પરીક્ષાઓ જોઈતી હોય તે ભલે લે. પરંતુ હું આશા રાખું છું કે ભવિષ્યમાં આ છૂટની જરૂર નહિ પડે.

જો પરીક્ષાઓ બંધ કરી દેવામાં આવે તો કોઈ વિદ્યાર્થી સારો છે કે કેમ તે જાણવા માટે શિક્ષકમાં કંઈક વધુ આંતરિક સંબંધ અને મનોવૈજ્ઞાનિક જ્ઞાનની જરૂર ઊભી થાય છે. પરંતુ આપણા શિક્ષકો યોગ કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે અને આ વસ્તુ તેમને માટે મુશ્કેલ ન બનવી જોઈએ.

*

ઉકેલ માત્ર આ અને ભવિષ્યની સર્વ પરીક્ષાઓ રદ કરવામાં રહેલો છે. બધાં પેપરો તમારી પાસે એક બંડલમાં બંધ રાખો — જાણે એ વસ્તુ છે જ નહિ — અને શાંતિથી તમારા ક્લાસ ચાલુ રાખો.

વર્ષને અંતે તમે વિદ્યાર્થીઓને પરીક્ષાનાં પેપરો ઉપર આધારિત નહિ પણ તેમની વર્તણૂક, એકાગ્રતા, નિયમિતતા, તેમની અભ્યાસોન્મુખતા અને તેમની બુદ્ધિના ખુલ્લાપણા વિશે નોંધો આપશો.

તમારે માટે આ બાબત આંતરિક સંબંધ, ઝીણવટભર્યું અવલોકન અને બિનપક્ષપાતી વલણ કેળવવાની તાલીમરૂપ બની રહેશે.

વિદ્યાર્થીને માટે એથી પોતે જે ભણ્યો હોય તે સાચી રીતે શીખવાની જરૂરિયાત ઊભી કરશે અને તેઓ પોતે જે સમજ્યા ન હોય તેને પોપટની માફક બોલી જાય તે નહીં ચાલે તે વસ્તુ તેમને સમજાશે.

આ રીતે શિક્ષણમાં એક સાચા પ્રકારની પ્રગતિ થઈ હશે.

*

સ્વાભાવિક રીતે કોઈ વિદ્યાર્થી કે વિદ્યાર્થિની કોઈ વસ્તુ શીખ્યાં છે કે નહિ અને પ્રગતિ કરી છે કે નહિ તે જાણવા માટે પરીક્ષા કરી જોવી પડે છે. પણ આ કસોટી વ્યક્તિગત અને દરેક વિદ્યાર્થીને બંધ બેસતી થતી હોય તેવી હોવી જોઈએ અને આ વસ્તુ કેવળ બધાને માટેની યાંત્રિક

કસોટી ન હોવી જોઈએ. એ કસોટી સ્વાભાવિક અને અણધારી હોવી જોઈએ જેથી એમાં ડોળ કે અસત્યને સ્થાન ન રહે. કુદરતી રીતે આ વસ્તુ શિક્ષક માટે પણ ઘણી વધુ મુશ્કેલ છે પણ વધુ જીવંત અને વધુ રસિક પણ હોય છે.

તમે વિદ્યાર્થીઓ વિશે જે અભિપ્રાયો આપ્યા છે તેનાથી મને આનંદ થયો. એના ઉપરથી સાબિત થાય છે કે તમારે એમની સાથે વ્યક્તિગત સંબંધ છે — અને સારા શિક્ષણ માટે એ જરૂરી છે.

જે વિદ્યાર્થીઓ સાચદિલ નથી હોતા, જેઓ શીખવા માટે ભણવા નથી માગતા પણ શિક્ષક પાસેથી સારા ગુણ અથવા શાબાશી માગતા હોય છે — તેમનામાં રસ પડે તેવું નથી હોતું.

**શ્રી માતાજી**

(કેળવણી પુસ્તિકા : ૨ : ૨૭-૨૮)

બાળકો ઉપર કઠોરતા વડે નહિ પણ આત્મસંયમથી જ નિયંત્રણ રાખી શકાય.

*

બાળકોના દેખતાં તમારે કદી ગુસ્સે થવું નહિ. એવું જોવાથી તેઓને શિક્ષક તરીકે તમારા પ્રત્યે જે માન હોય છે તે તમે ગુમાવી બેસો છે.

*

બીજી એક વસ્તુ બાળકને એની નાની ઉંમરથી શીખવવી જોઈએ; સ્વચ્છતા માટેની અભિરુચિ અને આરોગ્યપ્રદ ટેવો. પરંતુ બાળકમાંથી આ સ્વચ્છતા માટેની અભિરુચિની અને સ્વાસ્થ્યપ્રદ ટેવોની અપેક્ષા રાખતા હો તો તમારે ખાસ સંભાળ રાખવી જોઈએ કે તમે તેનામાં માંદગીના ભયની વૃત્તિ દાખલ ન કરી દો. શિક્ષણ માટે ભય એ ખરાબમાં ખરાબ ઉત્તેજક છે અને જે વસ્તુનો ભય રાખવામાં આવતો હોય તેને ખાતરીપૂર્વક આકર્ષી લાવવાનો માર્ગ છે.

**શ્રી માતાજી**

(કેળવણી પુસ્તિકા : ૨ : ૨૪)

*

# વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા અને શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧-૧-૧૮ થી ૨૯-૧-૧૮ સુધી શ્રી અરવિન્દના મહાકાવ્ય સાવિત્રી જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. 'સાવિત્રી' વિષય ઉપર ખ્યાતિપ્રાપ્ત વક્તા શ્રી અશ્વિનભાઈ કાપડિયાનો આ ૪૩૯મો જ્ઞાનયજ્ઞ હતો.

લોકભક્તિ રચનાઓથી લઈને આધુનિક વૈજ્ઞાનિક સિદ્ધાંતોના વિવેચન સાથે 'સાવિત્રી' વિશેનાં રસપ્રદ પ્રવચનોથી શ્રોતાઓ પ્રભાવિત થયા હતા.

લગભગ ૮૦ થી ૧૦૦ અભીપ્સુઓએ આ જ્ઞાનયજ્ઞનો લાભ લીધો હતો.

*

**વલ્લભ વિદ્યાનગર :**

સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા પ્રસ્થાપિત Sri Aurobindo Chair of Integral Studies - ના ઉપક્રમે શ્રી એ. બી. પટેલ વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૨૯-૧-૨૦૧૮ના રોજ બપોરે ૩-૦૦ થી ૪-૩૦ દરમિયાન યુનિવર્સિટીના સૅનેટ હોલ ખાતે શ્રી અરવિન્દાશ્રમના અંતેવાસી શ્રી આલોક પાન્ડેયે Psychic Education વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

આ પ્રસંગે Sri Aurobindo Chair of Integral Studies દ્વારા પ્રકાશિત થતું E-Magazine 'The Sunlit Path' ના શતકીય અંકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. E-Magazine નું કાગળ ઉપર મુદ્રણ પામેલું આ સુંદર સંસ્કરણ હતું.

*

**શ્રી અરવિન્દ કેન્દ્ર, અરેરા (તા. નડિયાદ)**

હેપી ડેઈઝ ટ્રસ્ટ સંચાલિત શ્રી અરવિન્દ કેન્દ્ર, અરેરા દ્વારા તા. ૯-૨-૧૮ થી ૧૧-૨-૧૮ દરમિયાન 'શ્રી અરવિન્દ અને યુવાપેઢી' વિષયને કેન્દ્રમાં રાખીને સાધના શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના અનુયાયીઓ માટે ગુજરાતમાં પ્રથમ શિબિર ૧૫-૫-૧૯૫૫ના રોજ અહીં જ યોજાયો હતો. શ્રી અંબુભાઈ પુરાણી અને શ્રી સુન્દરમ્‌ના માર્ગદર્શનમાં અરેરાના શ્રી શિવાભાઈ પટેલ, વડોદરાના શ્રી અંબાપ્રેમી વિ. કાર્યકર્તાઓના ઉત્સાહ અને ભક્તિભાવથી ગુજરાતમાં શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં નૂતન દર્શન અને શિક્ષણના પ્રસારનો પ્રારંભ થયો હતો.

ગુજરાતની ભૂમિ પર યોજાયેલા આ સર્વ પ્રથમ શિબિર માટે શ્રી માતાજીના પ્રતીક સાથેનો ખાસ ધ્વજ આશ્રમમાં તૈયાર કરાવી સૌ પ્રથમવાર આશ્રમની બહાર અરેરા માટે શ્રી માતાજીએ પોતાના આશીર્વાદ સાથે મોકલાવ્યો હતો. આને ગુજરાતની ભૂમિ ઉપર શ્રી માતાજીની પરમ

કૃપા કહી શકાય.

પાંચ સત્રના શિબિરનો પ્રારંભ તા. ૯મીના રોજ સવારે ધ્વજવંદન અને શ્રી માતાજીની પ્રાર્થનાથી થયો. ત્યાર પછી પ્રથમ સત્રમાં ૐપુરિના શ્રી રમેશભાઈ ત્રિવેદીએ 'દક્ષિણા'માંથી ૧૯૫૫ના શિબિરની રસપ્રદ માહિતી રજૂ કરી. ત્યારબાદ શ્રી પરાશરભાઈએ (વડોદરા) શ્રી અરવિન્દના પત્રકારિત્વ વિશેના અજ્ઞાત પાસાની રોચક વાતો કરી. ત્યાર પછી શ્રી રણછોડભાઈ પંચાલે (નડિયાદ) અરેરામાં યોજાયેલા પહેલા અને બીજા શિબિરોનાં સંસ્મરણો રજૂ કર્યાં.

બીજા અને ત્રીજા સત્રના મુખ્ય વક્તા તરીકે શ્રી અશ્વિનભાઈ કાપડિયાએ યુવાપેઢીને માટે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનો સંદેશ અને આહ્‌વાન વિશે વક્તવ્ય આપ્યું અને શિબિરના ઉદ્દેશને અર્થપૂર્ણ બનાવ્યો.

બીજા દિવસે શ્રીમતી રંજનબેન વૈદ્ય અને શ્રી ભારતસિંહ ઝાલાનાં વક્તવ્યો રજૂ થયાં. શિબિરના અંતિમ દિવસે શ્રી વસંતભાઈ પટેલે આશ્રમની કેટલીક વિશિષ્ટતા અને તેના વ્યવહારિક અમલ અંગે શ્રી માતાજીએ આપેલા માર્ગદર્શનની વાતો સરળ ભાષામાં કરી. ત્યાર પછી શ્રી વિભાબેન  વૈષ્ણવે (વિદ્યાનગર) 'તું હૃદયે વસનારી' શ્રી સુન્દરમ્‌ની આ અનુપમ રચનાનો રસાસ્વાદ કરાવી વાતાવરણ 'મા' મય બનાવી દીધું.

શ્રી ભક્તિબેન તથા શિવાભાઈ પટેલના પરિવારે આ શિબરના આયોજન માટે જે જહેમત ઉઠાવી તેમાં તેમનાં શ્રી મા અને શ્રી અરવિન્દ પ્રત્યેનાં ભક્તિ અને સમર્પણ પ્રગટ થાય છે.

શિબિરનું સુચારુ સંચાલન શ્રી રમેશભાઈ ત્રિવેદીએ કર્યું. *(શિબિરના અહેવાલના આધારે)*

## ઑરોવિલેની સુવર્ણ જયંતી

તા. ૨૮-૨-૨૦૧૮ના રોજ ''ઑરોવિલેની સુવર્ણ જયંતિ'' નિમિત્તે શ્રી અરવિન્દ નિવાસ, વડોદરામાં એક વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઑરોવિલે વિશેના ત્રણ મહત્ત્વના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૧. ઑરોવિલેનો ઉદ્દેશ :-** આ વિશે શ્રી નીલકંઠભાઈ જોશીએ એની પાર્શ્વભૂમિકાનું છેક ૧૯૧૪થી મંડાણ કર્યું. ઑરોવિલે માનવજાતિના આગામી તબક્કાની તૈયારીના સ્વપ્ન રૂપે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની ચેતનામાં સ્થિત થયેલું હતું. Collected Works of the Mother ના ગ્રંથ ૧૩માં ઑરોવિલે વિશે વિસ્તારપૂર્વક વાર્તાલાપોનું નિરૂપણ થયેલું છે. ઑરોવિલેના સ્વરૂપ અને રચના વિશેના સૂક્ષ્મમાં સૂક્ષ્મ મુદ્દાઓ ઉપર શ્રી માતાજીએ ઝીણવટપૂર્વક માર્ગદર્શન આપેલું છે. ઑરોવિલે એ માનવજાતિની અભીપ્સાના પ્રતીકરૂપે વિકસવાનું છે. અહીં પરમ સત્યની સેવા, કર્મયોગ, નિરંતરપણે નવું શીખવાનો ઉત્સાહ, માનવ અને પ્રકૃતિના સંબંધો અને નિયમોનું ઊર્ધ્વગામી નિયમન, સંરક્ષણ અને સંવર્ધન એ

જીવનની પૂર્વ નિર્ધારિત શરતો છે. ઑરોવિલેના આત્મારૂપ ''માતૃમંદિર''ને શ્રી નિરોદબરને શ્રી માતાજીએ સર્જેલા મહાન મહાકાવ્યરૂપ ગણાવ્યું છે.

**૨. ઑરોવિલેની કાર્ય વ્યવસ્થા :** ઑરોવિલેના આંતરિક વહીવટ અને કાર્યપદ્ધતિ વિશે શ્રી નરેન્દ્રભાઈ પટેલે માહિતી આપી. અહીં સત્યના પ્રકાશમાં જીવન જીવવાની અભીપ્સા ધરાવતી કોઈપણ વ્યક્તિ રહી શકે છે. અહીં તમે નિષ્કામ કર્મ કરો અને જીવન માટેની તમારી ભૌતિક જરૂરિયાત પૂરી પાડવામાં આવે છે. અહીં ઘણા વિભાગો છે અને તમારી હર એક પ્રકારની ક્ષમતાને અનુરૂપ ક્ષેત્ર તમને પ્રાપ્ત થઈ શકે છે. અહીં મુલાકાતીઓ માટેના માહિતી વિભાગ (Visiting Centre) માં ઑરોવિલે વિશેની સંપૂર્ણ માહિતી મળી શકે છે અને સર્વે જિજ્ઞાસાઓને સંતોષવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અહીં સૌથી વધુ ચીવટ પર્યાવરણના સંરક્ષણ અને સ્વચ્છતા વિશે રાખવામાં આવે છે. અહીંના જળ, જમીન અને વાયુને પ્રદુષણ મુક્ત રાખવા માટે નિરંતર જાગૃતિપૂર્વક કાર્ય કરવામાં આવે છે. જળસ્તરની જાળવણી અને વનીકરણના ક્ષેત્રમાં પ્રાચીન અને અત્યાધુનિક પદ્ધતિઓને વૈજ્ઞાનિક રીતે અપનાવવામાં આવે છે. વિશેષમાં માતૃમંદિરની મુલાકાત અને તે માટેની વિધિ અને નિયમોની પણ જાણકારી શ્રી નરેન્દ્ર પટેલે આપી.

**૩. પૃથ્વી ઉપર અતિમાનસિક ચેતનાનો આવિર્ભાવ :** ઑરોવિલેના નિર્માણનો હેતુ શ્રી અરવિન્દ દર્શનને પૃથ્વી ઉપર વાસ્તવિક રૂપે ઉતારવા માટેની પ્રયોગશાળા બનાવવાનો રહેલો છે. ૧૯૪૯માં શારીરિક શિક્ષણ વિભાગનું મુખપત્ર "Bulletin..." ના પ્રારંભ પ્રસંગે શ્રી માતાજીએ શ્રી અરવિન્દને લેખ માટે વિનંતી કરી હતી અને શ્રી અરવિન્દે તેનો સ્વીકાર કરી Supramental Manisifestation upon Earthએ શીર્ષક હેઠળ આઠ લેખ લખ્યા, જેમાં Supermind and Humanity લેખમાં શ્રી અરવિન્દે અતિમનસની માનવજાતિની ઉત્ક્રાંતિ ઉપર થનાર સીધી અસરો વિશે જણાવેલું છે. વળી, માનવ જીવને પણ તે ઊર્ધ્વોર્ધ્વ ચેતનાના અવતરણને લાયક બનવા કેવા પ્રકારની તૈયારી કરવાની રહે છે તે પણ બતાવેલું છે.

આ શીર્ષક હેઠળના વાર્તાલાપમાં શ્રી શરદભાઈ જોષીએ આ બધી બાબતોની સંક્ષિપ્તમાં ચર્ચા કરી.

અંતે, શ્રી મા અને શ્રી અરવિન્દે પૃથ્વી ઉપર આદરેલા આ મહાન યજ્ઞમાં આપણે કાંઈક આહુતિ આપી શકીએ એ અભીપ્સા સાથે ધ્યાન બાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ.

***(અહેવાલ : શ્રી કૈલાશ જોશી)***

*

# સભ્યો / ગ્રાહકોને સૂચનો

૧. 'પ્રભુ અર્પણ' - સામાન્યતઃ દર મહિનાની પાંચમી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨. અંક ચોકસાઈથી ટપાલ દ્વારા રવાના કરાય છે. છતાં ટપાલમાં ગેરવલ્લે જાય અને અંક તા. ૨૦ સુધીમાં ન મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસને ફરિયાદ કરી તેની નકલ અત્રે મોકલવી. બને ત્યાં સુધી બીજી નકલ મોકલવામાં આવશે.

૩. સરનામું બદલાયાની સૂચના ૧૫ તારીખ પહેલાં પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે આપવી.

૪. સંસ્થા સાથે મેગેઝીનને લગતા પત્રવ્યવહારમાં આપનો સભ્ય/ગ્રાહક નંબર આપવો જરૂરી છે.

૫. શ્રી અરવિન્દ સોસાયટીની વાર્ષિક સભ્ય ફી (અ.ભા.૫ માસિક સાથે)

| | | | |
|---|---|---|---|
| ૧ વર્ષ | રૂા. ૧૮૦/- | ૧૦ વર્ષ | રૂા. ૪૦૦૦/-(ડોનર મેમ્બર) |
| ૩ વર્ષ | રૂા. ૫૨૦/- | ૨૦ વર્ષ | રૂા. ૨૫,૦૦૦/- (કોર્પોરેટ મેમ્બર) |
| ૫ વર્ષ | રૂા. ૮૬૦/- | | |

૬. ભારતમાં 'પ્રભુ અર્પણ'નું ફક્ત ગ્રાહક (સભ્યપદ વગર) તરીકેનું વાર્ષિક લવાજમ રૂા. ૧૮૦/- છે.

૭. ગમે તે માસથી સભ્ય/ગ્રાહક થઈ શકાય છે. એક વર્ષથી ઓછી મુદત માટે સભ્ય/ગ્રાહક નોંધવામાં આવતા નથી.

૮. નવા સભ્ય/ગ્રાહકે લવાજમ મોકલતી વખતે ''નવા સભ્ય/ગ્રાહક છે,'' એમ લખવું.

૯. નવા અથવા જૂના સભ્યો/ગ્રાહકો પોતાનું લવાજમ પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે રૂબરૂમાં અથવા મની ઓર્ડરથી અથવા બેન્ક ડ્રાફટથી ''શ્રી અરવિન્દ સોસાયટી'' ના નામથી ભરી શકે છે. જો ચેકથી લવાજમ ભરવાનું હોય તો વાર્ષિક લવાજમ ઉપરાંત વધારાની રકમ રૂા. ૨૫/- ઉમેરી ચેક લખવો.

૧૦. લવાજમ વસુલ કરવા માટે અંક વી.પી. થી મોકલાતો નથી.

૧૧. વ્યવસ્થા અંગેનો સર્વ પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક, 'પ્રભુ અર્પણ'-રવાનગી વિભાગ, શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખાના નામથી કરવો.

૧૨. જે સભ્યોનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેઓએ પોતાનું લવાજમ તુર્ત મોકલી આપવું. જે કવરમાં આપને 'પ્રભુ અર્પણ' મળે છે તેની ઉપર, આપના સભ્યપદ નંબર પછી ૧, ૪, ૭, વિ. અંક દર્શાવેલા હોય છે, તે કયા માસમાં આપનું લવાજમ પૂરું થાય છે તે દર્શાવે છે. લવાજમ પૂરું થયાની સૂચના વ્યક્તિગત રીતે આપવામાં આવતી નથી.

# PRABHU ARPAN
# FORM IV

| | | |
|---|---|---|
| **1.** | **Place of Publication** | Vadodara |
| **2.** | **Periodicity of Publication** | Monthly |
| **3.** | **Printer's Name<br>Citizenship & address** | Shri Sharadchandra M. Joshi<br>Indian<br>C/o Sri Aurobindo Society,<br>Sri Aurobindo Nivas,<br>Dandia Bazar<br>Vadodara - 390 001 |
| **4.** | **Publisher's Name<br>Citizenship & Address** | Shri Sharadchandra M. Joshi<br>Indian<br>C/o Sri Aurobindo Society,<br>Sri Aurobindo Nivas,<br>Dandia Bazar<br>Vadodara - 390 001 |
| **5.** | **Editor's Name<br>Citizenship & Address** | Shri Kiritkumar Indravadan Thakkar<br>Indian,<br>E-102, Chandranagar Colony<br>Waghodia Road,<br>Vadodara - 390 019 |
| **6.** | **Name and Address<br>of the Owner** | Sri Aurobindo Society<br>Vadodara Branch. |

I hereby declare that the particulars given above are ture to the best of my knowledge and belief.

Vadodara
31-3-2018

Sd/-
***(Shri Sharadchandra M. Joshi)***
Publisher

લોકોમાં એક એવી શોચનીય ટેવ હોય છે કે પહેલાં જે કાંઈ કરવામાં આવ્યું હોય અને બીજાઓએ જે કાંઈ કર્યું હોય તેની નકલ કરવી. આ વસ્તુ મેં તમને ઘણા સમય પહેલાં કહેલી છે. દલીલ આમ કરવામાં આવે છે : ''આપણે આમ કરવું જોઈએ કારણ કે બીજે બધે આમ કરવામાં આવે છે.'' પરંતુ હું તેનો જવાબ આપું છું, ''કદાચ એ જ કારણે આપણે એ વસ્તુ ન કરવી જોઈએ ! કારણ કે બીજા બધા એમ જ કરતા હોય તો આપણે એની એ જ વસ્તુ કરીએ તેમાં શું સારું છે ?''

*

આપણે અહીં એટલા માટે કાર્ય કરતા નથી કે બીજા બધા એમ કરે છે (થોડું વધારે સારી રીતે કરવા માટે પણ નહિ). આપણે તો અહીં એ વસ્તુ કરવા માગીએ છીએ કે જે બીજાઓ કરી શકે તેમ નથી, કારણ કે તેમને ખ્યાલ જ નથી કે આ વસ્તુ થઈ શકે તેવી છે.

આપણે તો ભાવિનાં બાળકો માટે ભાવિનો માર્ગ ખુલ્લો કરવા માટે આવ્યાં છીએ.

આ સિવાય બીજી કોઈ વસ્તુ માટે મહેનત કરવા સરખું નથી. અને એવી કોઈ વસ્તુ શ્રી અરવિન્દની સહાયને માટે પાત્ર પણ નથી.

*

પૃથ્વી ઉપર માણસોને પોતાના જીવન માટે જે પરિસ્થિતિ મળે છે તે તેમની ચેતનાની અવસ્થાના પરિણામે સર્જાયેલી હોય છે. આ ચેતનામાં ફેરફાર કર્યા વિના માત્ર પરિસ્થિતિમાં ફેરફાર કરવાનો પ્રયત્ન કરવો એ એક વ્યર્થ સ્વપ્ન છે. માનવ જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં, આર્થિક, રાજકીય, સામાજિક વિષયોમાં, નાણાં, કેળવણી, આરોગ્ય આદિ બાબતોમાં ચાલુ હાલતને સુધારવા માટે શું થઈ શકે તેમ છે, યા તો શું થવું જોઈએ એ પરત્વે જે જે લોકોએ કાંઈક વિચારેલું છે તે બધી વ્યક્તિઓએ પોતાની ચેતનાને કોઈ ઓછે-વત્તે અંશે અસાધારણ કક્ષાએ પહોંચાડેલી હોય છે અને પોતે ચેતનાના ઊર્ધ્વ પ્રદેશો સાથે સંપર્કમાં આવેલા હોય છે.

શ્રી માતાજી

(કેળવણી પુસ્તિકા : ૧ : ૨૭)

(વર્ષ ૦૪ : અંક ૪)

RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/FEB-18 TO JULY-18

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઇ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.